આજનો સુવિચાર

કિર્તી આવે છે ત્યારે સ્મૃતિ અદ્રશ્ય બની જાય છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૧ જૂનાગઢ તા. ૨૮-૧૨-૨૦૨૨ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


## ચોટીલા નજીક હાઈવે ઉપર ખાનગી સ્લીપર બસ સળગી : એક વૃધ્ધાનું મોત

સુરેન્દ્રનગર તા. ૨૮

અમદાવાદ-રાજકોટ હાઈવે ઉપર ગતરાત્રિએ ખાનગી ટ્રાવેલ્સની સ્લીપર બસમાં આગ લાગતા અફરાતફરી મચી હતી. સુરત તરફ જઈ રહેલી બસમાં આગ લાગવાના કારણે બસમાં ઊંઘી રહેલા મુસાફરોમાં ભારે નાસભાગ મચી હતી. બસમાં સવાર એકવૃદ્ધા ગંભીરરીતે દાઝી જતા મોત થયું છે. જ્યારે અન્ય મુસાફરો પણ દાઝી જતા સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. અમદાવાદ-રાજકોટ હાઈવે ઉપર ચોટીલા પાસે 'આપાગીગાના ઓટલા' પાસેથી પસાર થઈ રહેલી એક ખાનગી ટ્રાવેલ્સની ચાલુ બસમાં અચાનક આગ લાગી હતી. જેના કારણે બસમાં સવાર મુસાફરોમાં ભારે દેકારોબોલી ગયો હતો. બસ ઉભી રાખી દેવાતા મુસાફરો નીચેઉતરવા લાગ્યા હતા. જો કે, બસમાં સવાર એક વૃદ્ધા ગંભીર રીતે દાઝી જતા તેમનું મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય મુસાફરોદાઝી જતાતેઓને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

## ૨૦૫૦ સુધીમાં મુંબઈ - ચેન્નાઈ જેવા મહાનગરો ડુબી જશે

નવી દિલ્હી તા. ૨૮

કલાઈમેટ ચેન્જ અને બદલાતા હવામાનને કારણે ચેન્નઈ, મુંબઈ જેવાં મોટાં શહેર આવનારાં ૨૮ વર્ષમાં ડૂબી જશે. હાલમાં જ ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તામાં પણ આવું જ કંઈક જોવા મળ્યું. હવે ત્યાંની સરકાર નવી જગ્યા ઉપર રાજધાની વસાવી રહી છે. દિલ્હીના ૧૦૦ ચો.કી.મી.ના વિસ્તારમાં પણ હલચલ છે.

## જમ્મુ-કાશ્મીરમાં ત્રણ આતંકવાદી ઠાર

શ્રીનગર, તા.૨૮: જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓ ફરી એકવાર તેમના નાપાક ઈરાદાને અંજામ આપે તે પહેલા જ ઠાર થયાછે જમ્મુના સિધ્રા વિસ્તારમાં આજે વહેલી સવારથી જ સુરક્ષાદળોની આતંકવાદીઓ સાથે અથડામણ થઈ હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સવારે લગભગ ૭.૩૦ વાગે ગોળીબારનો અવાજ આવ્યો હતો. ત્યારબાદ સુરક્ષા દળો ઘટનાસ્થળે પહોંચી ગયા હતો. જમ્મુ ઝોનના ADGP મુકેશ સિંહે જણાવ્યું છે કે આ વિસ્તારમાં ૨ થી ૩ આતંકીઓ છુપાયેલા હોવાની માહિતી મળી હતી. સૈન્ય અને પોલીસે હાથ ધરેલા સંયુક્ત ઓપરેશન બાદ હવે માહિતી સામે આવી રહી છે કે ત્રણેય આતંકીઓને ઠાર થયા છે. જે વિસ્તારમાં એન્કાઉન્ટર હાથ ધરવામાં આવ્યું હતું તે સુરક્ષાની દ્રષ્ટિએ ખૂબ જ સંવેદનશીલ હોવાનું કહેવાય છે.

### નોટબંધી અંગે ૨ જાન્યુઆરી -૨૦૨૩ના રોજ સુપ્રિમ કોર્ટ ચુકાદો આપશે

# રીઝર્વ બેંકે પણ નોટબંધીનો વિરોધ કર્યો હતો : સુપ્રિમ કોર્ટનાં ચુકાદા ઉપર તમામની મીટ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૨૮

આગામી સપ્તાહે નોટબંધીઅંગે સુપ્રિમ કોર્ટનો મહત્વનો ચૂકાદો આવનાર છે અને તેસમયે નોટબંધી કેટલી યોગ્ય હતી તે મુદ્દો સર્વોચ્ચ અદાલત ચકાસીને પોતાનો નિર્ણય આપશે. સર્વોચ્ચ અદાલત સમક્ષ સરકાર અને રિઝર્વ બેંકે નોટબંધીને યોગ્ય ગણાવતા અને તે એકપ્રક્રિયા મુજબ જ કરવામાં આવી હોવાનું સોગંદનામુ કરાયું હતું પરંતુ રિઝર્વ બેંકે નોટબંધીના એક કલાક પૂર્વે જ સરકાર સમક્ષ કેટલાક મહત્વના મુદ્દાઓ ઉપસ્થિત કર્યા હતા અને નોટબંધીની યોગ્ય ઠેરવવા માટે સરકારે તૈયાર કરેલી દલીલોનીસામે કાઉન્ટર દલીલો પણ રજૂ કરી હતી.

જો કે રિઝર્વ બેંકના સેન્ટ્રલ બોર્ડ દ્વારા એકંદરે નોટબંધીની ભલામણ કરવામાં આવી હતી અને તે બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૮ નવેમ્બરની રાત્રે ૮ વાગ્યે ટેલિવિઝન ઉપર રાષ્ટ્રજોગ પ્રવચનમાં નોટબંધીની જાહેરાત કરી હતી.

પરંતુરીઝર્વબેંકે જેમુદ્દા ઉઠાવ્યા હતા તેનો ઉલ્લેખ સુપ્રિમ કોર્ટ સમક્ષના સરકાર કે રિઝર્વ બેંકના સોગંદનામામાં કરવામાં આવ્યો ન હતો. સૌ પ્રથમ તો સરકારે ચલણમાં બનાવટી નોટોનું પ્રમાણ વધી ગયું હોવાની દલીલ કરી હતીઅને તેપણ જણાવ્યું હતું કે નોટબંધીથીચલણમાં બનાવટી નોટો આપોઆપ સામે આવી જશે પરંતુ રિઝર્વ બેંકની દલીલમાં જણાવાયું હતું કે રૂા. ૧૭ લાખ ક્રોડની કરન્સી હાલ ચલણમાં છે તેની સામે રૂા. ૪૦૦ કરોડની બનાવટી ચલણી નોટો એ કોઈ મોટુ પ્રમાણ ગણી શકાય નહીં.

રિઝર્વ બેંકના બોર્ડ દ્વારા સરકારની એ દલીલોની સામે એ પ્રશ્ન ઉભો કરાયો હતો

પરંતુ રિઝર્વ બેંકે તેના અલગ-અલગ મુદ્દાઓમાં આ દલીલ પણ નકારી હતી. સરકારની એ પણ દલીલ હતી કે સરક્યુલેશનમાં કરન્સી અને જીડીપી વચ્ચેનો જે સંબંધ છે તે જળવાયો નથી.

નરેન્દ્ર મોદીએ તેમના ૮ નવેમ્બરના વક્તવ્યમાં જણાવ્યું હતું કે જીડીપી અને કેશ સરક્યુલેશન વચ્ચેનો રેશિયો ૧૧ ટકાથી વધી ગયો છે પરંતુ રિઝર્વ બેંકના ૧૯-૨૦ના રિપોર્ટમાં જણાવાયું હતું કે ૨૦૨૧-૨૨માં આ રેશિયો ૧૩.૭ ટકા થઈ ગયો હતો. રૂા. ૧૦૦૦ અને ૫૦૦ની ચલણી નોટોનું સરક્યુલેશન પણ વધુ હોવાના સરકારના આંકડા સામે રિઝર્વ બેંકે વાસ્તવિકતા રજૂ કરી હતી. રસપ્રદ બાબત એ છે કે નોટબંધીના કલાકો પૂર્વે જ એટલે કે સાંજે ૮ નવેમ્બર ૫.૩૦ કલાકે રિઝર્વ બેંકની બોર્ડ બેઠક મળી હતી અને તેમાં આ મુદ્દાઓ સરકારને જણાવાયા હતા પરંતુ તે સુપ્રિમ કોર્ટ સમક્ષ રજૂ થયા નથી.

## ૨૦૩૬ ઓલિમ્પીક ગેમ યોજવા ભારત દાવો કરશે : અમદાવાદ યજમાન બની શકે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૨૮

આર્થિકથી માંડીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે અભૂતપૂર્વ વિકાસ સાધી રહેલ ભારત રમતગમતમાં પણ નામના મેળવી રહ્યું છે ત્યારે હવે ૨૦૩૬ના ઓલિમ્પીક રમતોત્સવ માટે દાવેદારી કરવાની તૈયારી છે. આગામી વર્ષે સપ્ટેમ્બરમાં મુંબઈ ખાતે યોજાનારી આંતરરાષ્ટ્રીય ઓલિમ્પીક કમિટીની બેઠકમાં રોડમેપ રજૂ કરવામાં આવશે. ઓલિમ્પીકની યજમાની અમદાવાદ-ગુજરાતને સોંપાવાની તૈયારી થઈ રહી છે. કેન્દ્રના રમતગમત ખાતાના પ્રધાન અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે ભારતીય ઓલિમ્પીક એસોસિએશને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પીકની યજમાનીનો દાવો કરવા સૂચવ્યું છે અને સરકારે તેનો સ્વીકાર કર્યો છે. અમદાવાદમાં વર્લ્ડ ક્લાસનું રમતગમત ઈન્ફ્રાસ્ટ્રકચરછે અને તેના આધારે અમદાવાદને ઓલિમ્પીકની યજમાની સોંપાયશકે છે. આ પૂર્વે ભારતે છેલ્લે ૧૯૮૨માં એશિયન ગેઈમ્સ તથા ૨૦૧૦માં કોમન વેલ્થ ગેઈમ્સની યજમાની કરી હતી. તેઓએ કહ્યું કે ભારત જી-૨૦સંમેલનની મોટાપાયે યજમાની કરી શકતુ હોય તો વિશ્વાસ છે કે ઓલિમ્પીક પણ યોજી શકે છે. ઓલિમ્પીકના ૨૦૩૨ સુધીના સ્લોટ અગાઉથી નક્કી થયા છે. પરંતુ ૨૦૩૬ની યજમાની મળવાનો આશાવાદ છે. આ માટેભારત સંપૂર્ણ તૈયાર છે અને ૨૦૩૬ના ઓલિમ્પીક માટે દાવો રજૂ કરશે.

૨૦૩૬ની ઓલિમ્પીક માટેની દાવેદારી માટે ભારત અત્યંત ગંભીર છે. આગામી સપ્ટેમ્બરમાં રોડમેપ રજૂ કરવા સરકાર તૈયારી કરી જ રહી છે. ઈન્ટરનેશનલ ઓલિમ્પીક કમિટીની બેઠક ભારતમાં યોજાય તે પણ પ્રતિષ્ઠાજનક જ છે. ભારતીય ઓલિમ્પીક એસોસિએશનને સરકાર સંપૂર્ણ મદદ કરશે અને સંયુક્ત રીતે આયોજન ગોઠવશે.

ગુજરાતને લાગેવળગે છે ત્યાં સુધી રાજ્ય સરકારે ઓલિમ્પીકની યજમાની કરવા અનેકવખત રસ દાખવ્યો છે. ગુજરાતમાં હોટલ, એરપોર્ટ, સ્પોર્ટસ કોમ્પલેક્સથી માંડીને તમામ પ્રકારનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ છે. સરકારના મેનીફેસ્ટોમાં પણ ગુજરાતમાં ઓલિમ્પીક યોજવાની વાત હતી. ઓલિમ્પીક યોજવા માટે ઈન્ફ્રાસ્ટ્રકચરમાં વધુ શું ખૂટે છે તે માટે ગુજરાત સરકાર કમિટી સાથે વાતચીત પણ કરી રહી છે. ૨૩૬ એકરમાં ૪૬૦૦કરોડના ખર્ચે અમદાવાદમાં વિરાટ સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટસ એન્કલેવનું નિર્માણ પણ કરાયું જ છે.

## આગામી ૬ મહિનામાં ચીનમાં કોરોનાથી મોતનું તાંડવ ખેલાશે : ૧૫ લાખ લોકો મૃત્યુ પામશે

બૈજીંગ,તા. ૨૮

ચીનમાં કોરોનાના કહેર વચ્ચે વધુ એક ભયાનક અહેવાલ સામે આવ્યો છે. એવો દાવો કરવામાં આવ્યો છે કે ચીનમાં આગામી ૬ મહિનામાં ૧૫ લાખ લોકો કોરોનાથી મૃત્યુ પામશે. બીજી તરફ, ચીને પણ ત્રણ વર્ષના કડક શૂન્ય-કોવિડ પ્રતિબંધો હટાવ્યા છે. જો કે, ૨૨ ડિસેમ્બરે, યુનિવર્સિટી ઓફ મકાઉ અને હાર્વર્ડ મેડિકલ સ્કૂલના સંશોધકોએ જણાવ્યું હતું કે જો ચીની સત્તાવાળાઓ જાહેર આરોગ્યના પગલાંને વધુ સારી રીતે અમલમાં મૂકે તો મૃત્યુની સંખ્યા ઓછી થઈ શકે છે.

હકીકતમાં, કોરોનાના કહેરને જોતા, ચીનની સરકારે ખૂબ જ કડક નિયંત્રણોલાગુ કર્યા હતા. પરંતુ હવે આ પ્રતિબંધોહટાવ્યા બાદ ચીનમાં કોરોનાના કેસ સૌથી ઝડપથી વધી રહ્યા છે.

એવો અંદાજ છે કે આગામી ૬ મહિનામાં લગભગ ૧૫ લાખ લોકો મૃત્યુ પામી શકેછે. દેશની મોટી વસ્તી દવાઓની અછતનો સામનો કરી રહી છે. દેશમાં ઈમરજન્સી મેડિકલ સેવાઓ સુસ્ત પડી રહી છે. દેશમાં વૃદ્ધોની મોટી વસ્તીને રસી મળી નથી.

## ગતરાત્રીનાં નેપાળ - ઉત્તરાખંડમાં ભુકંપનાં ત્રણ આંચકા નોંધાયા

બાગલુંગ (નેપાળ) તા.૨૮ : ગત મોડી રાત્રે નેપાળના બાંગલુંગ ભારતના ઉતરકાશીમાં મોડીરાત્રેધરા ધણધણી હતી. નેપાળના બાંગલુંગમાં ગત મોડીરાત્રે ૧.૨૩ વાગ્યે ૪.૭ની તીવ્રતાનો અને જિલ્લાના ખુંગામાં મોડી રાત્રે ૨.૦૭ વાગ્યે ૫.૬ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જયારે ભારતના ઉતરાખંડમાં ગઈકાલે મોડીરાત્રે ૨.૧૯ વાગ્યે ૩.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

વિગત મુજબ નેપાળમાં ગત મોડી રાત્રે એક કલાકમાં જુદા જુદા સ્થળે ભૂકંપના બે ઝટકા આવ્યા હતા. નેશનલ અર્થક્વેક મોનેટેરીંગ એન્ડ રિસર્ચ સેન્ટર નેપાળના અનુસાર બાંગલુંગ જિલ્લામાં અનુભવાયેલ ઝટકાની તીવ્રતા ૪.૭ અને ૫.૩ રહી હતી.

જો કે ભૂકંપના આ ઝટકાથી જાનમાલને નુકશાનીના ખબર નથી. બાંગલુંગજિલ્લામાં મધરાત્રે ૧.૨૩ વાગ્યે ૪.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જયારે બીજો ભૂકંપ બાંગલુંગ જિલ્લાના ખુંગા આસપાસ મધરાત્રે ૨.૦૭ વાગ્યે આવ્યો હતો. આ પહેલા ભારતમાં ઉતરાખંડમાં પણ ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. ઉતરકાશીમાંગત મોડીરાત્રે ૨.૧૮ વાગ્યે ૩.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ઉતરાખંડમાં ભૂકંપથી જાનમાલને નુકશાનના કોઈ ખબર નથી.

## "લોકો મને પપ્પુ કહે તેનો મને કોઈ વાંધો નથી, મારી દાદીને પણ મુંગી ગુડીયા કહેતા હતા" : રાહુલ ગાંધી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા.૨૮

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ઘણીવાર તમામ પક્ષોના રાજકારણીઓને પપ્પુ કહેતા સાંભળવામાં આવ્યા છે. જેના જવાબમાં રાહુલ ગાંધીએ કહ્યું કે, મને આ નામથી કોઈ વાંધો નથી. અગાઉ મારી દાદી (ઈન્દીરા ગાંધી)ને ગુંગી ગુડિયા કહેતા હતા, જે આજે આયર્ન લેડી તરીકે ઓળખાય છે.

રાહુલ ગાંધીએ ધ બોમ્બે જર્નીને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે, રાજકારણમાં એકબીજાને અલગ-અલગ નામથી બોલાવવા એ એક અભિયાનનો ભાગ છે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે, જેઓ આજે તેમને પપ્પુ કહે છે તેઓ ખરેખર તેમનાથી અંદરથી ડરે છે. તેઓ નાખુશ છે. મને કોઈપણ નામથી બોલાવવામાં વાંધો નથી. હું એ નામનું સ્વાગત કરીશ.

રાહુલે વધુમાં કહ્યું કે, પહેલા રાજકીય પક્ષોના નેતાઓ મારી દાદી (ઈન્દીરા ગાંધી)ને મૂંગી ઢીંગલી કહેતા હતા, જ્યારે બાદમાં તેમને આયર્ન લેડી તરીકે સંબોધવા લાગ્યા અને આજે પણ આ જ નામથી ઓળખાય છે. તેણે કહ્યું કે આજે આ એ જ લોકો છે જે મને ૨૪ કલાક પપ્પુ કહે છે અને મને કોઈ વાંધો નથી

### માનવ સર્જીત અને કુદરતી કારણોને લીધે

## ઉત્તરાખંડનો જોશીમઠ ડુબી જવાના આરે ૫૦૦ ઘર, દુકાન, હોટલોમાં તીરાડો પડી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૮

ચારધામના પ્રમુખ ધામ બદ્રીનાથના પ્રવેશદ્વાર કહેવાતા ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના જોશીમઠ શહેર ઉપર ડૂબવાનું જોખમ છે. અહીં લગભગ એક વર્ષમાં ૫૦૦ ઘર, દુકાન અને હોટલમાં તિરાડો પડી ગઈ છે. આ કારણે એ રહેવાલાયક રહ્યાં નથી. શહેરના લોકોની આંદોલનની ધમકી પછી મંગળવારે વહીવટી તંત્રએ ભૂવૈજ્ઞાનિક, એન્જિનિયર અને અધિકારીઓની પાંચ સભ્યની ટીમે તિરાડની તપાસ કરી.

વાસ્તવમાં ૨૪ ડિસેમ્બરના રોજ જોશીમઠના લોકોએ વહીવટી તંત્ર ઉપર શહેરને બચાવવાને લઈને પગલાંન ભરવાનો આરોપ લગાવી વિરોધ માર્ચ કાઢી હતી. આ પછી વહીવટી તંત્રએ ટીમ બનાવી.

પેનલે અવલોકન કર્યુ કે જોશીમઠના કેટલાક ભાગો માનવસર્જિત અને કુદરતી કારણોને લીધે ડૂબી રહ્યા છે. વૃક્ષો અને પહાડો કપાવાને કારણે ભૂસ્ખલન પણ થાય છે. જોશીમઠના લગભગ તમામ વોર્ડમાં આયોજન વગર ખોદકામ થઈ રહ્યા છે, જેને કારણે મકાન અને દુકાનમાં તિરાડ જોવા મળી રહી છે.

## રેલ્વેનાં સર્વર ઉપર હેકર્સનો હુમલો : ૩ કરોડ પેસેન્જરનાં ડેટાની ચોરી કરી

નવી દિલ્હી તા.૨૮ : અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાન (એઈમ્સ)માં ડેટા ચોરીના પ્રયાસ બાદ હવે ભારતીય રેલવેના સર્વરમાં હેકર્સે હુમલો કરીને ૩ કરોડ પેસેન્જર્સના ડેટા ચોર્યા હોવાનો રિપોર્ટ બહાર આવતા ખળભળાટ ફેલાયો છે, અલબત, આ મામલે રેલવેકે કોઈ સરકારીઅધિકારીદ્વારા પુષ્ટિ નથી કરવામાં આવી ઉપલબ્ધ રિપોર્ટ અનુસાર હેકર્સે રેલવે ટિકીટ બુક કરાવનાર ૩ કરોડ લોકોનો ડેટા ચોરી લીધો છે.

તેમાં વ્યક્તિગત જાણકારી જેમાં ઈ મેઈલ આઈડી, મોબાઈલ નંબર, સરનામુ, વય અને જાતિનો સમાવેશ થાય છે. રિપોર્ટ અનુસાર એક હેકર ફોરમે ૨૭ ડિસેમ્બરે આ ઘટનાને અંજામ આપ્યો હતો. હેકરફોરમની અસલી ઓળખ બહાર નથી આવી પરંતુ તેને 'શેડો હેકર'ના નામથી ઓળખવામાં આવે છે.

આરોપ છે કે આ હેકર ફોરમ ૩ કરોડ પેસેન્જર્સનો ડેટા ડાર્ક વેબને વેચી રહ્યું છે. હેકર ગ્રુપે જણાવ્યું હતું કે તેની પાસે ભારતીય રેલવેમાં ટિકીટ બુક કરાવનાર ત્રણ કરોડ લોકોના ઈ-મેલ અને મોબાઈલ નંબર સહિતની ખાનગી જાણકારી ઉપલબ્ધ છે. હેકર્સ ગ્રુપે એવો પણ દવો કર્યો છે કે તેણે અનેક સરકારી વિભાગોના અધિકૃત ઈ-મેલ એકાઉન્ટસ પણ ચોર્યા છે.

## જે લોકોએ બુસ્ટર ડોઝ લીધો છે તેમને નેઝલ વેકસીન નહી અપાય

(દિલ્હી બ્યુરો)

નવી દિલ્હી,તા. ૨૮

ભારતની વેક્સિન ટાસ્ક ફોર્સના પ્રમુખે જણાવ્યું છે કે ભારતમાં જે લોકોએ બુસ્ટર ડોઝ લીધોછે તે લોકો નેઝલ વેક્સિન નહીં લઈ શકે. સરકાર દ્વારા ગત સપ્તાહે નેઝલ વેક્સિનને મંજૂરી આપવામાં આવી હતી. વધુ મળતી માહિતી મુજબ નેઝલ વેક્સિન પહેલા બુસ્ટર ડોઝ તરીકે ભલામણ કરવામાં આવી છે. જે કોઈ વ્યક્તિએ પહેલાથી જ બુસ્ટર ડોઝ લીધો હોય તેવી વ્યક્તિઓ માટે આ વેક્સિન નથી.

ડોકટર અરોરા એનટીએજીઆઈના કોવિડ વર્કિંગ ગ્રુપના અધ્યક્ષ છે. જે રસીકરણ ઉપર રાષ્ટ્રીય ટેકનિકલ સલાહકાર જૂથ તરીકે છે જે નવી રસીઓ રજૂ કરવા અને રસીકરણ કાર્યક્રમને મજબૂત કરવાની દિશામાં કામ કરે છે જ્યારે તેમને નેઝલ વેક્સિન વિશે પુછવામાં આવ્યું તો તેઓએ જણાવ્યું કે કોવિડ ચોથો ડોઝ નહીં સ્વીકારી શકે આથી બુસ્ટર ડોઝ લેનાર નેઝલ વેક્સિન લઈ શકશે નહી.

## મોંઘવારીથી રાહત મળવાના સંકેતો ઘઉ - લોટનાં ભાવમાં ઘટાડો થશે

નવી દિલ્હી,તા. ૨૮: કવિન્ટલ દીઠ રૂ.૩,૦૦૦ની નજીક પહોંચી ગયેલા ઘઉંના ભાવ હવે ઘટી શકે છે. ઘઉંના ભાવને અંકુશમાં લેવા માટે સરકાર હવે ગંભીર બની છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના (PMGKY) બંધથયા બાદ સરકાર હવેઘઉંને ખુલ્લા બજારમાં વેચવાની તૈયારી કરી રહી છે. ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા ટૂંક સમયમાં ખુલ્લા બજારમાં ઘઉંના વેચાણની જાહેરાત કરી શકે છે.


**રેંટ ઉપર આપવાનું છે**

ગોકુલ નગર સોસાયટીમાં માર્ટ ટાઈપની દુકાન ચાલુ વેપારે આપવાની છે
તેમજ
ફોરવ્હીલ લેવા તથા વેચવા માટે મળો

: કોન્ટેકટ :
૯૫૧૨૮ ૮૧૭૫૭, ૮૯૫૯૫ ૦૦૦૦૫

**લકઝરીયસ બંગ્લો વેચવાનો છે**

દોમડીયાવાડીની બાજુમાં,કાળવા ચોક SBI ની સામે, ગીરીકુંજ સોસાયટીમાં, વ્યાજબી ભાવે બંગલો વેચાણમાં. ૧૫૨ વાર, નવું બાંધકામ,પાંચ રૂમ, ડ્રોઈંગ રૂમ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર, ફુલ ફર્નિશ્ડ,ઉત્તરાભિમુખ, સ્વતંત્ર બોર. ટાઈટલ કલીઅર. ભૂલશો તો ચૂકશો

સંપર્ક : ૭૫૭૫૮૦૬૫૮૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

**ૐ નેચર કયોર સેન્ટર**
ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.


દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા**
યુરોસર્જીકલ હોસ્પિટલ

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન




ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# માછીમારોને ખુલ્લી બજારમાંથી ખરીદ કરાતા ડીઝલ ઉપર સબસિડી આપવાની ઊઠેલ માંગ

(સુરેશચંદ્ર એમ. ધોકાઈ દ્વારા)

દ્વારકા તા.૨૮

રાજયના માછીમારોને પોતાના બોટ માટે ઉપયોગમાં લેવાતી બોટોના ઉપયોગમાં લેવાતા ડીઝલના જથ્થા ઉપર ચોક્કસ મર્યાદિત જથ્થા ઉપર સબસિડી આપવામાં આવે છે પરંતુ તેમ આ દર વર્ષે કરોડો રૂપિયાની ચોરી થાય છે અને માછીમારોનેની હાલત ડીઝલ ખરીદવા માટે ગુલામો જેવી બનેલ છે ત્યારે અહીના માછીમારોઆગેવાન લખનભાઈ કેર દ્વારા આ અંગે એક મુહિમ ચલાવી સરકારને એક પણ રૂપિયાનો ખર્ચ ના થાય અને માછીમારોના પ્રશ્નનો કાયમી ઉકેલ આવે તે માટે માછીમારોને માછીમારો મંડળીના પંપ ઉપરથી જ ડીઝલની ખરીદી કરવાની પ્રથા બંધ કરાવી તેમને ખુલ્લી બજારમાંથી ખરીદ કરવાની મંજૂરી મળે તો સરકારને એક પણ રૂપિયાનું નુકશાન ના થાય અનેતેમને એક લિટર દીઠ રૂપિયા ૩.૭૫નો ફાયદો થાય તેવી માંગણી કરવામાં આવેલ છે.

રાજયમાં વર્ષ ૧૯૭૮થી ચાલુ થયેલ ફિશરીઝ ખાતા દ્વારા રાજ્યમાં માછીમારો વ્યવસાયને વિકસાવવા માટે ગરીબ-અભણ માછીમારોને માછીમારી બોટને જરૂરી કોઈપણ પ્રકારના સામાન ઉપર અલગ અલગ રકમની સબસિડી આપવામાં આવે છે. પરંતુ તેમાં આ અભણ માછીમારોને પૂરતો લાભ આપવાના બદલે સહકારી મંડળીઓના નામે ઊભી કરવામાં આવેલ મંડળીના સંચાલકો દ્વારા માછીમારોને ગુલામ જેવી પરિસ્થિતિમાં રાખવામાં આવ્યા છે. કારણ કે જો માછીમારોને સબસિડીનો લાભ જોઈતો હોય તો તેમને ફરજિયાત ફિશરીઝખાતા દ્વારા માન્ય માછીમારોની માછીમાર સહકારી મંડળીમાંથી જ જે તે માલની ખરીદી કરવી પડે છે અને તેના બિલો જ માન્ય રાખવામાં આવે છે. ત્યારે પ્રશ્ન તે થાય છે કે, આજ ૪૪ વર્ષ બાદ પણ આ નિયમમાં કોઈ ફેરફાર નહીં અને તેના અમલીકરણ માટે મચ્છીમારોને ગુલામ બનાવી રાખવા અને તેમાં ચાલતા કૌભાંડને ચાલુ રાખવાના એક માત્ર ઈરાદા સાથે આ નિયમમાં કોઈ ફેરફાર કરવામાં આવતો ના હોવાનું મચ્છીમારો જણાવી રહ્યા છે.

આ અંગે માહિતી આપતા અહીના માછીમાર આગેવાન લખનભાઈ કેરે જણાવેલ કે અહીના બંદર ઉપર માછીમારોને ડીઝલ ખરીદ કરવા માટેનો વિકલ્પ એક માત્ર માછીમારી સહકારી મંડળીના પંપ છે અને અહી જો સબસિડી વાળું ડીઝલ જોઈતું હોય તો તેના ભાવ અલગ અને સબસિડી વગરનું ડીઝલ જોઈતું હોય તો તેના ભાવ અલગ તે પ્રમાણેનું વેંચાણ થાય છે. હકિકતમાં જો સબસિડી વગરનું ડીઝલ ખરીદ કરવામાં આવે તો તેનો ભાવ લિટર દીઠ રૂપિયા ૩.૭૫ વધારે ચુકાવવા પડે છે. જે ખુલ્લા બજારમાં વહેંચાતા એટલે કે જાહેર ક્ષેત્રની ઓઈલ કંપનીના પંપ કરતા થોડી ઓછી કિંમત પણ સબસિડીના ડીઝલના દર કરતાં વધુ. તો આ ભાવનો કઈંક ખેલ ચાલે છે અને તે કારણે અભણ માછીમારોનું આર્થિક શોષણ થાય છે. હકિકતમાં દેશમાં પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ ડીઝલના વેંચાણ માટે સરકારી ઓઈલ કંપની મતલબ પી.એસ.યુ. દ્વારા બજારમાં સરકારી નિયંત્રણો હેઠળ એકજ સરખા ભાવે વાંહેનચવાનો નિયમ છે. ત્યારે અહી આ ત્રણ અલગ-અલગ ભાવથી વહેંચાતું ડીઝલ ખરેખર ડીઝલ છે કે અન્ય કોઈ ડીઝલના નામે વહેંચાતું બિન અધિકૃત પેટ્રોલિયમ ઓઈલ છે તે અંગે પણ તપાસ થવી જરૂરી જણાય છે.

આ પ્રશ્નનો ઉકેલ દર્શાવતા તેમને જણાવેલ કે હાહમાં સરકાર દ્વારા માછીમારોને જે ફરજિયાત માછીમારી સહકારી મંડળીના પંપ ઉપરથી ડીઝલ ખરીદ કરવું ફરજિયાત છે. તેને બદલે કોઈપણ સરકારી કે ખાનગી ઓઈલ કંપનીના પંપ ઉપરથી ખરીદ કરવામાં આવતા ડીઝલ ઉપર પણ જો સબસિડી આપવાનું ચાલુ થાય તો અભણ માછીમારોનું થતું આર્થિક શોષણ બંધ થાય અને માછીમારો દ્વારા એક સાથે ખરીદાતા ૧૫૦૦ લિટર જેટલા ડીઝલના જથ્થાના કારણે માછીમારોને ઓઈલ કંપનીઓની હરીફાઈના કારણે ઓઈલ કંપની દ્વારા પણ થોડી રાહત મળે તેમ ડબલ સબસિડી મળે તેમ છે. ત્યારે તે અંગે કેમ કોઈ વિચારણા કરવામાં આવતી નથી ત્યારે હવે તેમના દ્વારા આ પ્રશ્ને માછીમારોને જાગૃત કરી દેશના પ્રધાનમંત્રી-રાજયના મુખ્યમંત્રી-કૃષિ અને ફિશરીઝ મંત્રી-સાંસદને આ અંગે પોતે રજૂઆત કરી અન્યોને પણ ઈમેલ દ્વારા રજૂઆત કરવા માટેની વિનંતી કરી દરેકના ઈમેલ એડ્રેસ સાથેનો મેસેજ વલટ્સએપ ઉપર મોકલી આ પ્રશ્ને રજૂઆતો કરી જો કોઈ યોગ્ય પ્રત્યુતર નહીં મળે તો માછીમારોનું સંમેલન બોલાવી લોકઆંદોલન કરવા સુધીની તૈયાર ચાલુ કરવામાં આવ્યાનું ખુદ માછીમારો જણાવી રહ્યા છે.

# વેરાવળ બાર એસોસીએનની રસાકસીભરી ચુંટણીમાં પ્રમુખ, ઉપપ્રમુખ સહિતના મુખ્ય છ હોદાઓ ઉપર બંને પેનલના ત્રણ ત્રણ ઉમેદવારો વિજય થયા

## બાર એસોસીએશનની ચુંટણીમાં ૨૮૯ પૈકી ૨૬૧ એડવોકેટ મિત્રોએ કુલ ૨૧ હોદાઓ માટે મતદાન કરેલ





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૮

વેરાવળ બાર એસોસીએશનની યોજાયેલી રસાકસીભરી ચુંટણીમાં મતગણતરીના અંતે પ્રમુખ, ઉપપ્રમુખ સહિતના મુખ્ય છ હોદાઓ ઉપર બંને પેનલના ત્રણ ત્રણ ઉમેદવારો વિજય થયેલા છે. જેમાં પ્રમુખ તરીકે સુર્યકાન્તભાઈ સવાણીનો ૧૨ મતે તથા સામેની પેનલના ઉપપ્રમુખ પદના ઉમેદવાર કાંતિલાલ ગણાત્રાનો ૩૬ મતે વિજય થયેલ છે. પરીણામો જાહેર થયા બાદ વિજય ઉમેદવારોને વકીલ મિત્રો દ્વારા હારતોરા કરવામાં આવ્યા હતા. વેરાવળ બાર એસો.ના હોદેદારોની ચુંટણી પ્રક્રિયા લોકશાહી ઢબે મુખ્ય ચૂંટણી અધિકારી એડવોકેટ વિજયકુમાર માવાધીયાના નેજા હેઠળ ભદ્રેશભાઈ જેઠવા, રાજીવભાઈ વયાટા સાહિતનાઓએ કરી હતી. આ ચુંટણીમાં પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરી, ખજાનચી, લાઈબેરીયન તેમજ ૧૫ કારોબારી સભ્યોના હોદાઓ માટે ૩૨ ઉમેદવારો ચૂંટણીમાં હતા. જેમાં બાર એસો.ના ૨૮૯ રજીસ્ટેડ પૈકી ૨૬૧ એડવોકેટોએ મતદાન કરેલ હતુ. જે મતદાનની ગણતરીના અંતે પ્રમુખ પદના ઉમેદવાર જયેશ કાનજીભાઈ મેર સામે સૂર્યકાંતભાઈ સવાણીનો ૧૨ મતે વિજય થયેલ હતો. જયારે ઉપપ્રમુખ પદ ઉપર ઉમેદવાર ચિરાગ કક્કડ સામે સામેની પેનલના ઉમેદવાર કાંતિલાલ ગણાત્રાનો ૩૬ મતે વિજય થયો હતો. જયારે સેક્રેટરી પદે મોનિકાબેન પાટીલ સામે આબિદભાઈ ઈશાભાઈ સુમરાનો ૧૭ મતે, જોઈન્ટ સેક્રેટરી પદે પ્રેમજીભાઈ ઉર્ફ પ્રેમ હાજાભાઈ સામે જશુભાઈ સોલંકીનો ૩૬ મતે, ખજાનચી પદે ધર્મેન્દ્રભાઈ ચાવડાની સામે મંજુબેન ગોહિલનો ૧૪ મતે, લાઈબ્રેરીયન પદે મયુરભારથી ગૌસ્વામી સામે ગોવિંદભાઈ તેજવાણીનો ૧૯ મતે વિજય થયો હતો. આમ બાર એસો.ના મુખ્ય છ હોદાઓ ઉપર બંને પેનલના ત્રણ ત્રણ ઉમેદવારો વિજય થયા હતા. જયારે બાર એસો.ના કારોબારી સભ્ય પદ માટે લડતા ૨૦ પૈકી ૧૫ ઉમેદવારો વિજય બન્યા હતા. જેમાં (૧) નિકુંજભાઈ સિકોતરા, (૨) રાજેશભાઈ દરી (૩) મુકેશભાઈ યાદવ (૪) તારાબા જેઠવા (૫) સંજય પંપાણીયા (૬) ભાવિનભાઈ રૂપારેલ (૭) પુષ્પાબેન નથવાણી (૮) પંકજભાઈ બુચ (૯) સાહિલભાઈ સીડા (૧૦) માધુરીબેન નિમાવત (૧૧) પરેશભાઈ ટીંબાણીયા (૧૨) ફેજલભાઈ હાલાઈ (૧૩) વિરજીભાઈ ધોળીયા (૧૪) હસમુખભાઈ લાખાણી અને (૧૫) મુકેશભાઈ મોરીનો વિજય થયેલ હતો. ચુંટણીમાં વિજય થયેલા તમામ ઉમેદવારોને હારતોરા કરી મોઢા મીઠા કરાવવામાં આવ્યા હતા.

# રાજકોટના કવિ, લેખક ભૂષિત શુક્લને 'અતુલ્ય વારસો – ૨૦૨૨' એવોર્ડથી સન્માનિત કરાયા



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૮

રાજકોટના કવિ, લેખક ભૂષિત શુક્લને 'અતુલ્ય વારસો – ૨૦૨૨' એવોર્ડથી સન્માનિત કરાયા રાજકોટમાં સ્થાયી ભૂષિત શુક્લ નાનપણથી જ વાંચન અને લેખનનો શોખ ધરાવે છે. તેઓ ગુજરાતી ગઝલ, ગીત, અછાંદસ, હાઈકુ તેમજ મુક્તક લખે છે. તેમણે વિવિધ આર્ટિકલ્સ અને નવલિકાઓ પણ લખી છે. ભૂષિતભાઈએ અત્યાર સુધી ૧૫૦ ગઝલો, ૨૫ ગીત તથા ગરબા અને હાઈકુ અને મુક્તક પણ લખ્યા છે. તેમને પોતાના જીવનકાળ દરમ્યાન અનેકો સન્માનોથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમને ગુજરાતી મેળો ગૃપ તરફથી અભિવાદન પત્ર, બૃહસ્પતિ કાવ્ય ધારા તરફથી સ્મૃતિ ચિન્હ ટ્રોફી, સાહિત્ય પરિવાર એક મંચ તરફથી વિવિધ સન્માન પત્રો, ગુજરાતી લીટરેચર ફેસ્ટિવલમાં પ્રમાણપત્ર, શબ્દોની હરિફાઈ ગૃપ તરફથી સાહિત્ય રત્ન એવોર્ડ, સ્ટોરી શણગાર તરફથી સન્માન પત્ર, જ્ઞાતિ પત્રિકામાં 'કલમ કડછી બરછી', ન્યુઝ ઓફ ગાંધીનગર (જન ફરિયાદ) ગુજરાત સમાચાર જેવી માસિક પત્રિકાઓમાં તેમજ વતનની વાત, બનાસ બચાવો, શબ્દ શણગાર, નાગર સેતુ, સમન્વિત ઈ મેગેઝિનમાં તેમની વિવિધ કૃતિઓ પ્રકાશિત થાય છે. દિપોત્સવી અંકમાં સંગાથ, એક રાધા શ્યામ સી, ગુજરાતી લીટરેચર ફેસ્ટિવલ પુસ્તકમાં પ્રતિબિંબ જેવી વિવિધ કૃતિઓ પ્રકાશિત થઈ. ગુજરાતી અર્બન ફિલ્મો તપ અને પરફેક્ટ સેલ્ફીમાં વિવિધ ગીતો લખ્યા. તાજેતરમાં ગાંધીનગર ખાતે 'હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ રીસર્ચ સેન્ટર' દ્વારા આયોજીત 'અતુલ્ય વારસો એવોર્ડ-૨૦૨૨'નું સુંદર આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ભૂષિત શુકલને કલા, સાહીત્ય, સંસ્કૃતિ, ઈતિહાસ વગેરે ક્ષેત્રમાંથી શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ તેમને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. જેનું આયોજન અતુલ્ય વારસોનાં સ્થાપક તેમજ એડિટર કપિલભાઈ ઠાકર તથા તેમની સમગ્ર ટીમે કર્યું હતું. ગાંધીનગર ખાતે યોજાયેલ 'હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ રીસર્ચ સેન્ટર' દ્વારા આયોજીત 'અતુલ્ય વારસો એવોર્ડ-૨૦૨૨'માં મુખ્ય અતિથિ પદે સામાજિક કાર્યકર્તા અનારબેન પટેલ, લેખક અને ચિંતક કિશોરભાઈ મકવાણા, ગુજરાત સાહિત્ય અકાદમીનાં ડો. જયેન્દ્રસિંહ જાદવ, હેરિટેજ પ્રવાસન સમિતિ સભ્ય પૂંજાબાપુ વાળા તેમજ પર્યાવરણ વિદ મનીષભાઈ વૈદ્ય ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સાહીત્ય ક્ષેત્રે ગુજરાત સાહિત્ય અકાદમીનાં ડો. જયેન્દ્રસિંહ જાદવ હસ્તે રાજકોટનાં ભૂષિત શુકલને અતુલ્ય વારસો એવોર્ડ-૨૦૨૨ તથા પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ઓખા નજીક પાકિસ્તાની બોટ સાથે દરિયાઈ સરહદેથી ઝડપાયેલા દસેય શખ્સોના આજે રિમાન્ડ મંગાશે

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

ભારતીય કોસ્ટ ગાર્ડ તથા એટીએસ દ્વારા સોમવારે હાથ ધરવામાં આવેલા સંયુકત ઓપરેશનમાં પાકિસ્તાનની "અલ સોહેલી" નામની બોટનેમાંથી ૪૦ કિલો ડ્રગ્સ કે જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત રૂપિયા ૨૮૦ કરોડ જેટલી આંકવામાં આવી છે, તેની સાથે એજન્સીઓ દ્વારા ૧૦ ખેલાસીઓને પણ પકડી પાડવામાં આવ્યા હતા. તેમાં કોર્સગાર્ડની શીપમાં છ શખ્સોને ઓખા લઈ આવવામાં આવ્યા હતા. ત્યારબાદ અન્ય એક બોટ સાથે બાંધીને અલ સોહેલી બોટ તથા બાકીના ચાર શખ્સો પણ ઓખા પહોંચતા એટીએસ તથા અન્ય કેન્દ્રીય એજન્સીઓ દ્વારા પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. ઝડપાયેલા આ શખ્સોને આજે બપોરે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ખંભાળિયા પંથકમાંથી અગાઉ તત્કાલીન જિલ્લા પોલીસ વડા સુનિલ જોશીએ રૂા.૩૧૫ કરોડનું ડ્રગ્સ પકડી પાડ્યું હતું. જેની તપાસમાં મહત્વની ભૂમિકા ભજવનાર અહીંના એસ.ઓ.જી. વિભાગના ભૂતપૂર્વ પી.આઈ. જે.એમ. પટેલને આ ડ્રગ્સ અંગે બાતમી મળી હતી તથા તેમની બાતમી ઉપરથી એસ.પી. દીપન ભદ્રન તથા સુનિલ જોશી અને તેમના સ્ટાફના ઓમ પ્રકાશ ભટ્ટ, કે.કે. પટેલ, કોસ્ટગાર્ડના અનિલકુમાર હરભોલા તથા પંકજ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર આયોજન કરીને એકાદ સપ્તાહની જહેમત બાદ આ સમગ્ર ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું. પાકિસ્તાનના હાજી સલીમ બ્લોચ દ્વારા રૂપિયા ૨૦૦ કરોડ જેટલી કિંમતનો આ ડ્રગ્સનો જથ્થો હોવાનું તથા જે બોટમાં લઈને હથિયારો સાથે ગુજરાતના નક્કી કરેલા સમુદ્રકાંઠે ઉતારીને અહીંથી ભારતમાં સપ્લાય કરવા માટેનું આયોજન હોવાનું પણ ખુલવા પામ્યું છે. રસ્તામાં નાની-મોટી અથડામણ થાય તો સામનો કરવા માટે ગેસના બાટલા તોડીને અંદરથી ઈટાલિયન બનાવટની છ પિસ્તોલ, ૧૨ મેગેઝીન તથા ૧૨૦ કારતૂસો પણ હતા. જે એજન્સીઓ દ્વારા જપ્ત કરવામાં આવ્યા છે. રૂા.૨૮૦ કરોડના ડ્રગ્સના જથ્થા સાથે પકડાયેલા તમામ ૧૦ ખલાસીઓ પાકિસ્તાનના બલુચિસ્તાનના વિસ્તારના હતા. જેમાં ઈસ્માઈલ સફરાલ, અમાલ બલોચ, હકીમ દિલ મોહમ્મદ, આદમ અલી વિગેરેનો સમાવેશ થાય છે. વિશેષ તપાસ એટીએસના અધિક્ષક ઓમ પ્રકાશના માર્ગદર્શન હેઠળ થઈ રહી છે.

# ખંભાળિયા : તાપણું-હીટરનો સહારો લેવો પડે તેવી ઠંડી...

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

શીત ઋતુની મોસમ હાલ મધ્યાહને હોય તેમ છેલ્લા કેટલાક દિવસથી ઠંડી જમાવટ કરી રહી છે. લાંબા સમયની પ્રતીક્ષા બાદ હાલ ડિસેમ્બર માસના અંતિમ દિવસોમાં હાડ થીજવે તેવી ઠંડી અનુભવાઈ રહી છે. ખંભાળિયા પંથક છેલ્લા કેટલાક દિવસોથી તાપમાનનો પારો ગગડી ગયો છે. ખાસ કરીને વહેલી સવારે તથા રાત્રે ઠંડીના કારણે બજારો સુમસામ જોવા મળે છે. આ નોંધપાત્ર ઠંડીના કારણે રાત્રે લોકો તાપણા મારફતે ગરમી મેળવી, શીત ઋતુની જાણે મોજ માણે છે.



આ ફરી ફેલાતો કોરોના હવે ફરી આપણને માસ્ક પહેરાવશે ?


જૂનાગઢમાં ફલેટ વેંચવાનો છે
જૂનાગઢમાં જલારામ સોસાયટીમાં ઉત્તર દિશાનો 3 BHK દીલથી બનાવેલ ફુલ ફર્નીચર સાથે ફલેટ વેંચવાનો છે
: કોન્ટેક નંબર :
પંકજભાઈ રૂપારેલીયા
મો૯૮૯૮૭૫૪૩૨૮


2 BHK ફલેટ વેંચવાનો છે
જૂનાગઢમાં માંગનાથ રોડ, રોડ સાઈડનો પહેલા માળે (૭૦૦ ફુટ) કોમર્શીયલ અને રહેણાંક માટે ફલેટ વેંચવાનો છે (હોલસેલ વેપારી માટે બેસ્ટ)
: કોન્ટેક :
મો૯૮૯૮૯૩૪૯૯૦
મો૯૪૨૬૬૧૭૪૬૧

દવા વગરની સારવાર
★ કીડની, લીવર, હાર્ટ બ્લોકેજ
★ ડાયાબીટીસ, બીપી, થાઈરોઈડ
★ તમામ ભયંકર હઠીલા રોગ
ડો. ઉમેશ પંડયા (M.D.)
જીવનરક્ષા દવાખાનું
કટારીયા સામે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ
મો૮૧૪૦૫૨૨૮૨૦

૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦
મલાઈ(ક્રિમ) રૂા. ૩૦૦
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૬૦
ગાયનું ઘી રૂા. ૬૦૦
મલાઈવાળું દહીં, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પલેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. ફોન: ૨૬૨૨૮૮૮

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જૂનાગઢ શહેરના હદયસમા કાળવાચોકમાં
• આપના શુભપ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
તહેવારો નિમિતે ગાયનું શુધ્ધ ઘી આવી ગયેલ છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન : ૨૬૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

વિનય એન. પ્રજાપતિ મો.૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો.૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો.૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાગે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

વંદના સ્પેશિયલ
- સ્પે. પંજાબી પફ
- ઘઉંની બ્રેડ (આટાબ્રેડ)
- સ્પે. પફ/પીઝા, ખારી
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ ફોન : ૨૬૨૪૨૪૪
નારાયણ બેકરી
સુખનાથ ચોક
ફોન : ૨૬૨૩૨૨૪

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

# જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં મોકડ્રીલ યોજાઈ : કોવિડ-૧૯ની સંભવિત નવી લહેર સામે પૂર્વ તૈયારીઓનુ પરીક્ષણ કરાયું




જૂનાગઢ, તા.૨૮

જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં કોવિડ-૧૯ની સંભવિત નવીલહેર સામે પહોંચી વળવા સામે તંત્રની પૂર્વતૈયારીઓના પરીક્ષણ કરવા માટે સફળતાપૂર્વક મોકડ્રીલ યોજાવામાં આવી હતી. જેમાં ઓક્સિજન સપ્લાય, સ્ક્રિનીંગ સહિત કોવિડ કેર બાબતોની ચકાસણી કરવામાં આવી હતી.

આ સંદર્ભે સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ નયનાબેન લકુમે જણાવ્યું કે, કેન્દ્ર-રાજય સરકારની માર્ગદર્શિકા મુજબ કોવિડ-૧૯ની ઈમરજન્સી સ્થિતિને પહોંચી વળવા માટે પૂર્વતૈયારીઓના ભાગરૂપે મોકડ્રીલ યોજવામાં આવી હતી. જેમાં ઓક્સિજન પ્લાન અને તેની સપ્લાય, સ્ક્રિનિંગ, ડ્રાઈઝ સહિત કોવિડ સંબંધિત સારવાર માટેની તંત્રની તૈયારીઓ ચકાસવામાં આવી હતી.

હાલમાં સિવિલ હોસ્પિટલ ખાતે વેન્ટીલેટર સાથેના ૬૦ આઈસીયુ બેડ, ઓક્સિજન સપ્લાય સાથેના ૫૦૦થી વધુ આઈસોલેશન વોર્ડ, ઉપરાંત ઓક્સિજન સિલિન્ડર સહિતની વ્યવસ્થા કરી દેવામાં આવી છે. સિવિલ હોસ્પિટલમાં સેન્ટ્રલી ઓક્સિજન પાઈપલાઈન છે. જેથી ઓક્સિજન સપ્લાયમાં ખૂબ સરળતા રહે છે. ઓક્સિજન ઉત્પાદન માટે બે ૧૦૦૦-૧૦૦૦ લીટરના અને એક ૫૦૦ લીટરનો પ્લાન્ટ કાર્યરત છે.

# જૂનાગઢ જીલ્લામાં નિકાસને વેગ આપવા માટે ઉદ્યોગકારોનો પરિસંવાદ કાર્યક્રમ યોજાયો

**નવા ઉદ્યોગકારોને નિકાસ માટે પ્રોત્સાહિત કરવા માટે અપાયું માર્ગદર્શન, નવા ઉદ્યોગ સાહસિકો માટે સરકાર પુરસ્કૃત તમામ પ્રકારની પ્રોત્સાહક આર્થિક યોજનાની જાણકારી અપાઈ**




જૂનાગઢ, તા.૨૮

જૂનાગઢ જિલ્લામાં નિકાસને વેગ આપવા માટે અગ્રણી ઉદ્યોગકારોનો એક પરિસંવાદ યોજાયો હતો. જેમાં ખાસ કરીને નવા ઉદ્યોગકારોને નિકાસ માટે પ્રોત્સાહનની સાથે એક દિશા મળી રહે તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વન ડીસ્ટ્રીકટ વન પ્રોડકટ અંતર્ગત તેમજ નિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા ઈન્ડિયન ટ્રેડ પોર્ટલમાં મળી રહેલી ઓનલાઈન સવલત અંગે આ સેમીનારમાં માહિતી આપવામાં આવી હતી. વિવિધ દેશો સાથે થયેલ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ અને તેના ફાયદા વિશે માહિતી આપવામાં આવી હતી. આ પરિસંવાદમાં ડાયરેક્ટર જનરલ ફોરેન ટ્રેડના જોઈન્ટ ડાયરેક્ટર જે.એમ. બિશ્નોય, ગુજરાત એફઆઈઈઓના પ્રમુખ શ્રી ગોયલ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર ડી.એમ. જોષી, આકાશ મુલચંદાની, બેન્ક ઓફ ઈન્ડિયાના એજીએમ સાકેતકુમાર સહાય, પંકજ અગ્રવાલ અને જયપ્રકાશ ગોયલે વિદેશ વ્યાપાર સંબંધિ જુદા-જુદા પાસા સંદર્ભે વિગતવાર જાણકારી આપી આવી હતી. ખાસ કરીને નવા ઉદ્યોગકારો નિકાસ માટે પ્રેરિત થાયતે માટે કેન્દ્ર સરકારની નિકાસ માટેની નીતિઓ-યોજનાઓ અંગે જાણકારી આપવામાં આવી હતી. આ પરિસંવાદમાં વિદેશ વ્યાપારના ફોરેન ટ્રેડ એગ્રીમેન્ટ, ગ્લોબલ સિનારિયો, ગુજરાતની ઉદ્યોગિક નીતિ, વિદેશી ચલણના ભાવ ઉતાર-ચઢાવનું મેનેજનમેન્ટ વગેરે વિષય ઉપર ઉડાણપૂર્વક જાણકારી આપવામાં આવી હતી. જૂનાગઢ સરોવર પોર્ટિકો હોટલના કોન્ફ્રન્સમાં યોજાયેલા આ સેમિનારમાં ફેડરેશન ઓફ સૌરાષ્ટ્ર-કચ્છ ચેમ્બર ઓફ કોમર્સના મંત્રી સંજયભાઈ પુરોહિત, લઘુ ઉદ્યોગ ભારતીના પ્રમુખ અમૃતભાઈ પુરોહિત, એસ. કે. સહાય, ડાયમંડ એસો.ના અગ્રણી ડી.કે. ઝાલાવડીયા, વિજયભાઈ, ચેમ્બરના સહમંત્રી મહેશભાઈ દેશાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# કલેકટર રચિત રાજે મેંદરડાના હરિપુરના ગ્રામજનો સાથે સંવાદ કર્યો

**નાગરિક કેન્દ્રિત વહીવટ, પ્રાકૃતિક ખેતિને પ્રોત્સાહન આપવા સહિતના મુદ્દે કર્યો વાર્તાલાપ**




જૂનાગઢ, તા.૨૮

પ્રશાસન ગાંવ કી ઔરની થીમ સાથે સુશાસન સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે જૂનાગઢ જિલ્લાના કલેકટર રચિત રાજે મેંદરડા તાલુકાના હરિપુર ગામે સાંજના સમયે મુલાકાત કરી હતી. કલેકટરે નાગરિક કેન્દ્રિત વહીવટ, પ્રાકૃતિક ખેતિને પ્રોત્સાહન આપવા સહિતના મુદ્દે ગ્રામજનો સાથે વાર્તાલાપ કર્યો હતો. આ સાથે લોકોએ સ્થળ પર રજૂ કરેલા પ્રશ્નોનું સ્થળ ઉપર નિરાકરણ કરવાની સાથે ગ્રામજનોને વિવિધ કલ્યાણકારી યોજનાઓ-સેવાઓના લાભની ખાતરી આપવામાં આવી હતી.

આ પ્રસંગે ગ્રામજનોએ સામાજિક સુરક્ષા અને કલ્યાણ લગત યોજનાઓનો પણ લાભ આપવામાં આવ્યો હતો. આ પ્રકારની તમામ યોજનાઓની પેન્ડિંગ અરજીઓના નિકાલની સાથે સ્થળ પર જ ગંગાસ્વરૂપા સહાય માટે અંતિમ મંજૂર માટેનો આદેશ આપવામાં આવ્યો હતો. હરિપુર ગામના વયોવૃદ્ધો માટે ગ્રે કાર્ડ જારી કરવામાં આવ્યાં હતા. આ કાર્ડ દ્વારા વૃદ્ધોને સરકારી સેવાઓમાં પ્રાથમિકતા આપવામાં આવે છે. ઉપરાંત જમીનના જાહેર નકશા અંગેનો ટૂંક સમયમાં નિરાકરણ લવવામાં આવશે તેમ જણાવવામાં આવ્યું હતું. ગ્રામજનોને દારૂ-ધૂમ્રપાન જેવા નશાઓ તેમજ અન્ય વ્યસનોથી દૂર રહેવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. સાથે જ નશામુક્તિના શપથ પણ લેવડાવવામાં આવ્યો હતા. ઉપરાંત હરિપુર ગામમાં કુપોષણ સ્થિતિ અંગેની સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા વહીવટી તંત્રના અન્ય અધિકારી-કર્મચારી પણ ઉપસ્થિત રહી નાગરિકલક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

## જૂનાગઢમાં અન્ન સલામતી કાયદા હેઠળ ૪૫૨ પરિવાર સમાવાયા, ૧૧૩૭ લોકોને મળશે લાભ

જૂનાગઢ, તા.૨૮

સુશાસન સપ્તાહ અંતર્ગત કલેક્ટર રચિત રાજના માર્ગદર્શન હેઠળ ઝોનલ અધિકારી જૂનાગઢની કચેરી દ્વારા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અંતર્ગત **NFSA** યોજનાનો લાભ આપવા માટે શનિવાર અને રવિવારની જાહેર રજાઓમાં પણ ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં જૂનાગઢ વિસ્તારના કુલ ૪૫૨ રેશન કાર્ડને અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અંતર્ગત **NFSA** કુટુંબમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જેનો લાભ કુલ ૧૧૩૭ લોકોને લાભ મળશે.

# ડો.સુભાષ મહિલા આર્ટસ,કોમર્સ અને હોમસાયન્સ કોલેજમાં સાહિત્ય અને ઈતિહાસ સંબધ વિષય ઉપર વ્યાખ્યાન યોજાશે

જૂનાગઢ,તા.૨૮

ડો.સુભાષ મહિલા આર્ટસ,કોમર્સ અને હોમસાયન્સ કોલેજમાં 'સાહિત્ય અને ઈતિહાસ સંબધ વિષય ઉપર તા.૩૦ ડિસેમ્બરના વ્યાખ્યાન યોજાશે. આ કાર્યક્રમનું આયોજન ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ અને ડો. સુભાષ મહિલા કોલેજ, જૂનાગઢ દ્વારા કરવામાં આવ્યું છે. ગુજરાતી સાહિત્ય પરિષદ તારાબેન મંગળદાસ વ્યાખ્યાન માળાની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત આ કાર્યક્રમ તારીખ ૩૦/૧૨/૨૦૨૨ શુક્રવારના રોજ સવારે ૯ કલાકે કોલેજ કેમ્પસમાં યોજાનાર છે.

આ બૌદ્ધિક અને સાહિત્યિક વ્યાખ્યાનમાળામાં ગુજરાત વિદ્યાપીઠના ઈતિહાસના અધ્યાપક ડો.વિક્રમસિંહ અમરાવત 'સાહિત્ય અને ઈતિહાસનો સંબંધ' વિષય ઉપર વ્યાખ્યાન આપશે. આ વ્યાખ્યાનો લાભ લેવા સ્થાનિક સંયોજક પ્રિન્સિપાલ બલરામ ચાવડાએ સૌને આમંત્રણ પાઠવેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સાહિત્ય પરિષદના મંત્રી ધ્વનિલ પારેખ જહેમત ઉઠાવી રહ્યા છે. સમાજોપયોગી આવા કાર્યક્રમો યોજવા માટે ટ્રસ્ટ્રી જવાહરભાઈ ચાવડાએ શુભેચ્છા પાઠવી છે.

# ડો.હરિભાઇ ગોધાણી કેમ્પસ-જોષીપુરા જૂનાગઢ ખાતે સૂરક્ષા સેતુ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન અપાયું




જૂનાગઢ, તા.૨૮

શ્રી સરદાર પટેલ શૈક્ષણિક સંકુલ, ડો.હરિભાઇ ગોધાણી કેમ્પસ જોષીપુરા જૂનાગઢ ખાતે સંસ્થાના ચેરમેન-મેનેજિંગ ટ્રસ્ટી જે.કે.ઠેસિયા અને જોઇન્ટ મેનેજિંગ ટ્રસ્ટી મૃણાલિનીબેન ગોધાણીના માર્ગદર્શન તેમજ સંસ્થાના શિક્ષણ સંયોજક એચ.પી. પોલરાના અધ્યક્ષપદે તા. ૨૬/૧૨/૨૦૨૨ના રોજ સુરક્ષા સેતુ કાર્યક્રમનો ઉદઘાટન સમારોહયોજાયો હતો. આ પ્રસંગે જૂનાગઢ એ-ડીવીઝન પોલીસ કચેરીના પી.આઇ.એ.જી. જાદવ, જૂનાગઢ બી-ડીવીઝન પોલીસ કચેરીના પી.આઇ. એ.એમ. ગોહેલ, એ-ડીવીઝનના પી.સી. ભારતીબેન એ. બકોત્રા તથા બી-ડીવીઝનના પી.સી. ભારતીબેન જે. જીલડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત સરકાર દ્વારા અમલમાં મુકાયેલ સુરક્ષા સેતુ કાર્યક્રમ અંતર્ગત પોલીસ તંત્રની કામગીરી, નાગરિકોની ફરજો, મહિલાઓની સુરક્ષા તેમજ રક્ષણ વિશે પોલીસ અધિકારીઓ દ્વારા ઉપસ્થિત સ્ટાફ ગણ અને વિદ્યાર્થિનીઓને વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જૂનાગઢ જિલ્લા પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા મયુરભાઇ ચોહાણના વડપણ હેઠળ તા.૨૬-૧૨-૨૦૨૨ થી તા.૦૯-૦૧-૨૦૨૩ સુધી ધો.૯ અને ધો.૧૧માં અભ્યાસ કરતી ૬૬૦ દીકરીઓને સ્વરક્ષણની વિશેષ તાલીમ પણ આપવામાં આવી હતી. સંસ્થામાં યોજાનાર સ્વરક્ષણ તાલીમની પ્રવૃત્તિને કેમ્પસ ડાયરેકટર સી.પી. રાણપરિયા, શિક્ષણ નિયામક એસ.કે. વોરા, વહીવટી અધિકારી કે.પી. ગજેરા અને હોસ્ટેલ નિયામક આર.વી. રફાળિયાએ બિરદાવી હતી.

# વંથલીના શાહનવાઝ વાજાએ યોગાસનમાં મેળવ્યા ૧૫ થી વધુ ગોલ્ડ અને ૪ સિલ્વર મેડલ

**મુંબઈ ખાતે યોજાયેલ નેશનલ યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપ ૨૦૨૨ માં પ્રથમ ક્રમાંક મેળવી વધુ એક ગોલ્ડ પ્રાપ્ત કર્યો**

વંથલી, તા.૨૮

જૂનાગઢ જિલ્લાના વંથલીમાં રહેતા અને ખેત મજૂરી કરતા દાઉદભાઈ વાજાના પુત્ર શાહનવાઝવાજાએ યોગાસનમાં ૫૦થી વધુ પ્રોત્સાહન પત્રો અને ૧૫થી વધારે ગોલ્ડ મેડલો મેળવ્યા છે. વંથલીની જી.એલ.સોલંકી સ્કૂલમાં અભ્યાસની સાથે શાહનવાઝને ૨૦૧૮થી સ્કૂલમાં યોજાતા અલગ-અલગ કાર્યક્રમમાં યોગા કરી પોતે સ્પર્ધામાં ભાગ લેતો હતો. સ્કૂલના પ્રિન્સિપાલ વિપુલભાઈ સોલંકીની નજર આ બાળક ઉપર પડતા પ્રિન્સિપાલે ખેલ મહાકુંભમાં ભાગ લેવા જણાવ્યું અને શાહનવાઝને યોગાસન પ્રત્યેની તેની રૂચિને આગળ વધારવા પ્રોત્સાહન આપ્યું. કહેવાય છે ને કે "આવડત ના કોઈ સિમાડા નથી હોતા અને સિદ્ધિઓને કદી તાળા નથી હોતા" ધોરણ ૬માં અભ્યાસ કરતા શાહનવાઝ વાજાએ ૨૦૧૮માં યોજાયેલ તાલુકા કક્ષાના ખેલ મહાકુંભમાં ભાગ લઈ પ્રથમ ક્રમાંક મેળવ્યો. ત્યારબાદ જિલ્લા લેવલે પણ પ્રથમ ક્રમાંક મેળવ્યો, જિલ્લામાં અલગ અલગ કેટેગરી યોગાસનમાં ૨ મેડલ મેળવ્યા



જેમાં એક રિધેમિક યોગાસન,(ડાન્સ યોગા) અને શોલોમાં મેડલ મેળવ્યો, ત્યારબાદ શાહનવાઝની સફળતાની સફર શરૂ થઈ. કોલકાતા ખાતે યોજાયેલ નેશનલ લેવલે કોલકાતા એસજીએફઆઈ સ્પર્ધામાં શાહનવાઝે ૧૪ વર્ષ બાદ ગુજરાતને યોગ કરી ગોલ્ડ અપાવ્યો. બાંગ્લાદેશ ખાતે યોજાયેલ એશિયન યોગ સ્પર્ધામાં રીધેમિક અને શોલો યોગમાં બે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા, દિલ્હી ખાતે યોજાયેલ ઓલમપ્યાડ ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેળવી ટીમને સન્માન અપાવ્યુંતો ગઈકાલે વધુ એકવાર નેશનલ લેવલે યોજાયેલી મુંબઈ ખાતે નેશનલ યોગાસન ચેમ્પિયનશિપ ૨૦૨૨ માં પ્રથમ ક્રમાંક મેળવી વધુ એક ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. સફળતાના શિખરો સર કરતા વંથલીના શાહનવાઝે યોગાસનમાં ઘણી સિદ્ધિઓ હાંસલ કરેલ છે. શાહનવાઝને તેમની સફળતા વિશે પૂછતા તેમને જણાવ્યું હતું કે, સ્કૂલમાં અભ્યાસ કરતા તેમના પ્રિન્સિપલની નજર તેમના પડતા તેમને યોગ પ્રત્યેકનું પ્રોત્સાહન આપ્યું હતું અને ગુજરાત, દિલ્હી, કોલકતા, મુંબઈ અને વિદેશમાં પણ સ્પર્ધાઓમાં ભાગ લીધો છે. ઝોન, ડિસ્ટ્રિક્ટ, નેશનલ અને સ્ટેટ લેવલે યોગાસન સ્પર્ધામાં ભાગ લઈ ૫૦થી વધુ સર્ટીફિકેટ અને મેડલો મેળવ્યા છે. શાહનવાઝમાં અલગજ શક્તિ છુપાયેલી છે અને યોગ પ્રત્યેની તેની રૂચીએ તેને સફળતા અપાવી છે. રાજય કક્ષાએ તેમને ત્રણ મેડલો મેળવ્યા હતા. કોલકત્તા ખાતે અંડર ૧૪માં યોગાસન સ્પર્ધામાં ૧૪ વર્ષ બાદ ગુજરાતને ગોલ્ડ અપાવનાર શાહનવાઝ છે. બાંગ્લાદેશ ખાતે યોજાયેલ પ્રાઈવેટ ઈવેન્ટમાં પણ તેમને ગોલ્ડમેડલ મેળવી વિશ્વલેવલે સીધી હાંસલ કરેલ છે. હજુ પણ શાહનવાઝપોતાના ક્ષેત્રમાંઆગળ વધી યોગાસન કરી વધુનેવધુ પ્રગતિ કરે અને ગુજરાતને અને પોતાના વતન વંથલીનું ગૌરવ વધારે તેવી શુભેચ્છા શિક્ષકે પાઠવી હતી.

# શ્રી સરદાર પટેલ પ્રાથમિક શાળા ખાતે જ્ઞાન મેળાની થયેલ ઉજવણી

જૂનાગઢ, તા.૨૮

શ્રી સરદાર પટેલ પ્રાથમિક શાળા જૂનાગઢમાં જ્ઞાન મેળાની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ જ્ઞાન મેળામાં ધો-૧થી ૮ના વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ જ્ઞાનમેળાનો વિષય ગુજરાતનો પોષાક તહેવારો અને ખાનપાન હતો જેમાં વિદ્યાર્થીઓએ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષીણ અને મધ્ય ગુજરાતનો પોષાક અને ધાર્મિક તહેવારોને અનુરૂપ વસ્ત્ર પરીધાન કરી ગુજરાતની સંસ્કૃતિને ઉજાગર કરવાનો ઉમદા પ્રયાસ કર્યો હતો. આ ઉપરાંત ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાં ખાવામાં આવતી વિવિધ વાનગીઓ બનાવીને લાવ્યા હતા. આ જ્ઞાન મેળાનું આયોજન સ્કુલમાં આચાર્ય




રૂપાબેન રામાણીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ જ્ઞાનમેળાનો મુખ્ય ઉદેશ વિદ્યાર્થીઓમાં રહેલ સુષ્મ શકિતઓ ખીલે અને આપણી સંસ્કૃતિ પ્રત્યે આદરભાવ કેળવાય, આ જ્ઞાન મેળામાં સંસ્થાના પ્રમુખ જે.કે. ઠેસિયા, ટ્રસ્ટી ચુનીભાઈ રાખોલીયા, શિક્ષણ નિયામક વોરા તથા પોલરા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. જે.કે. ઠેસિયાએ જ્ઞાન મેળામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કર્યા હતા. આમ જ્ઞાનમેળાની ઉજવણી ખુબ સુંદર રીતે કરવામાં આવી હતી.

# કેશોદ તાલુકામાં રવિ પાકમાં ગત વર્ષની સરખામણીએ ૧૨૪૩ હેકટરમાં વાવેતરમાં વધારો થયો

**જીરૂ, ધાણા, ઘઉ સહીતના વાવેતરમાં વધારો થયો, જ્યારે ચણા, લસણ, ડુંગળી, જુવાર, શાકભાજી, ઘાસચારા સહીતના વાવેતરમાં ઘટાડો નોંધાયો**

(ગોવિંદ હડીયા દ્વારા)

કેશોદ, તા.૨૮

કેશોદ તાલુકામાં રવિ પાક એટલે કે શિયાળુ વાવેતરમાં ગત વર્ષની સરખામણીએ ઘણો ફેરફાર જોવા મળી રહ્યો છે. ગત વર્ષની વાત કરીએ તો ઘઉ ૮૮૫૦ હેક્ટર, જુવાર ૨૦૫ હેક્ટર, ચણાં ૨૨૮૦૦ હેક્ટર, શેરડી ૧ હેક્ટર, જીરૂ ૭૯૭ હેક્ટર, ધાણા ૧૭૨૯ હેક્ટર, લસણ ૭૦૩ હેક્ટર, ડુંગળી ૮૦૨ હેક્ટર, શાકભાજી ૨૭૩ હેક્ટર, ઘાંસચારો ૧૩૭૫ હેક્ટર, વટાણાં કલૌંજી સહીત કુલ ૩૮૩૧૨ હેક્ટરમાં કેશોદ તાલુકામાં રવિ પાકનું વાવેતર થયું હતું. જ્યારે આગામી વર્ષે ઘઉ ૧૨૫૦૦ હેક્ટર, જુવાર ૧૨૦ હેક્ટર, ચણાં ૧૪૦૦૦ હેક્ટર, જીરૂ ૨૨૫૦ હેક્ટર, ધાણા ૮૫૦૦ હેક્ટર, લસણ ૪૫૦ હેક્ટર, ડુંગળી ૫૦૦ હેક્ટર, શાકભાજી ૨૦૦ હેક્ટર, ઘાંસચારો ૯૭૦ હેક્ટર, વટાણા કલૌંજી સહીત કુલ ૩૯૫૫૫ હેક્ટરમાં કેશોદ તાલુકામાં રવિ પાકનું વાવેતર થયું છે જે ગત વર્ષની સરખામણીએ ૧૨૪૩ હેક્ટરમાં વાવેતરમાં વધારો થયો છે જેમાં જીરૂ ૧૪૫૩ હેક્ટર, ધાણા ૬૭૭૧ હેક્ટર, ઘઉ ૩૬૫૦ હેક્ટરમાં વાવેતરમાં વધારો જોવા મળી રહ્યો છે. જ્યારે ચણાં ૮૮૦૦ હેક્ટર, ઘાંસચારો ૪૦૫ હેક્ટર, ડુંગળી ૩૦૨ હેક્ટર, લસણ ૨૫૩ હેક્ટર, શાકભાજી ૭૩ હેક્ટર, જુવાર ૫ હેક્ટર સહીતના વાવેતરમાં ઘટાડો નોંધાયો છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# કાશ્મીરી વિસ્થાપિતોની સુરક્ષીત ઘરવાપસી જરૂરી છે

ખૂંખાર આતંકી સંગઠન લશ્કરે તૈયબાના કુખ્યાત મહોરા 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ' (ટીઆરએફ)એ થોડા વખત પહેલાં વડાપ્રધાન પુનર્વાસ પેકેજ અંતર્ગત કાશ્મીરમાં કાર્યરત ૫૬ કાશ્મીરી અલ્પસંખ્યકો (બિનમુસ્લિમો)ની યાદી જારી કરતાં તેમને ધમકી આપી હતી. હાલમાં તેણે ફરીથી એવા જ દસ બીજા લોકોની યાદી જારી કરી છે. ટીઆરએફ દ્વારા જારી કરેલી યાદીમાં કાશ્મીરી અલ્પસંખ્યકોના નામની સાથે સાથે તેમના નવા અને જૂના કાર્યસ્થળોની પૂરતી વિગતો છે. જોવામાં આવે તો આ યાદી જમ્મુ-કાશ્મીરમાં હાલતને સામાન્ય બનાવવાની કેન્દ્ર સરકારની કોશિશોને નિષ્ફળ કરવાનું ષડયંત્ર છે. જો કાશ્મીરી વિસ્થાપિત અને પ્રવાસી ઘાટીથી ભાગી જાય તો આતંકીઓ અને તેમના આકાઓના મનસૂબા પૂરા થઈ જશે. તેથી ટીઆરએફની આ ધમકીની નોંધ લેવાની જરૂર છે. કાશ્મીરની હાલતને સામાન્ય બનાવવા માટે કેન્દ્ર સરકાર, ઉપરાજ્યપાલ શાસન અને તમામ સુરક્ષા એજન્સીઓ જોડાયેલી છે, પરંતુ જે પ્રકારે આ યાદી જારી થઈ છે અને તેમાં જે પ્રકારની ગોપનીય સૂચનાઓ છે, તે ચોંકાવનારી છે. તેનાથી ફરી સ્પષ્ટ થઈ ગયું છે કે આતંકીઓના સમર્થકોની શાસન-પ્રશાસનમાં ઊંડી પહોંચ છે. આ જ લોકો કાયદા પસાર થવા છતાં અન્ય પ્રદેશવાસીઓને હજુ પણ રાજ્યમાં સંપત્તિ નથી ખરીદવા દેતા. તેમને ચિહ્નિત કરવા અને દંડિત કરવાનું જે કામ કરવામાં આવ્યું, તે અપૂરતું છે. આ કામને વધુ તત્પરતાથી કરવું પડશે.

અનુચ્છેદ ૩૭૦ અને ૩૫એને સમાપ્ત થયે ત્રણ વર્ષથી વધુ સમય વીતી ગયો છે. આ દરમ્યાન કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીરમાં જમીની બદલાવ માટે અનેક કામ કર્યા છે. તેનું સકારાત્મક પરિણામ પણ દેખાઈ રહ્યું છે. છતાં પણ સ્થિતિને સામાન્ય બનાવવા માટે ભારે કાર્યવાહી જરૂરી છે. ફક્ત કાશ્મીરી વિસ્થાપિતોને ઘાટીમાં નોકરી આપવી કે તેમની ઘરવાપસી કરાવવી પૂરતું નથી. ઉત્તર પ્રદેશ આવાસ વિકાસ પરિષદ અને હરિયાણા શહેરી વિકાસ ઓથોરિટીની તર્જ પર જમ્મુ-કાશ્મીર વિકાસ ઓથોરિટીની રચના કરીને કાશ્મીરના દરેક જિલ્લામાં સુવિધાસંપન્ન મોટા-મોટા રહેણાંક અને વ્યાવસાયિક પરિસર બનાવવા જોઈએ. આ પરિસરોમાં ન માત્ર કાશ્મીરી વિસ્થાપિતોને ભૂખંડ આપવામાં આવે, બલ્કે સેના અને અર્ધસૈનિક દળોના પૂર્વ કર્મીઓ પણ રાહત દરે ભૂખંડ આપવામાં આવે. આ જ પ્રકારે કાશ્મીરમાં નાના-મોટા ઉદ્યોગ સ્થાપિત કરવા અને પોતાનો રોજગાર શરૂ કરનારાઓને રાહત વ્યાજ દરે લોન અને સબસિડી આપવી જોઈએ. તેમણે કામ ધંધા કે વ્યવસાયથી મફત વીમા ઉપરાંત જીવન વીમાની સુવિધા પણ મળવી જોઈએ. સુગમ લાયસન્સ અને સસ્તા ભાવે શસ્ત્ર ઉપલબ્ધ કરાવવાં જોઈએ. તેનાથી આ પરિસરોમાં વસનારા લોકો પોતાની સુરક્ષા માટે ફકત સુરક્ષા દળો પર જ નિર્ભર નહીં રહે. પાછલી સદીના આખરી દાયકામાં લાલકૃષ્ણ અડવાણીના પ્રયાસોથી દરેક ગામના સ્થાનિક નાગરિક સમાજને જોડીને વિલેજ ડિફેન્સ કમિટીઓ (વીડીસી)નું ગઠન કરવામાં આવ્યું હતું. કાશ્મીર સંભાગમાં આ કમિટીઓની પુનઃરચનાની જરૂર છે. તેમને સાધનો, સંસાધનો અને સુવિધાઓથી સજ્જ પણ કરવા જોઈએ. આ કમિટીઓ આતંકીઓને જડબાતોડ જવાબ આપવામાં સક્ષમ હશે અને વિશ્વાસ બહાલીનો આધાર બનશે.

સીમા પારથી ઘૂસણખોરીને તો ભારતીય સુરક્ષા દળોની ચુસ્તતાએ ઘણી ઓછી કરી દીધી છે. સરકારે હવાલા ફંડિંગની પણ કમર તોડી નાખી છે, પરંતુ હાલમાં એક નવી સમસ્યા ઊભરી રહી છે. આ સમસ્યા માદક પદાર્થોની તસ્કરી સાથે જોડાયેલી છે. પંજાબના રસ્તે જમ્મુ-કાશ્મીરમાં નશાનો કારોબાર ઝડપથી ફૂલીફાલી રહ્યો છે. આ કારોબારના તાર આતંકીઓ સાથે જોડાયેલા છે. આ આતંકી ફંડિંગ અને જમ્મુ-કાશ્મીરની યુવા પેઢીને બરબાદ કરવાની નવી રીત છે. સમય રહેતાં તેની લગામ કસવી પણ જરૂરી છે, નહિ તો આ અસાધ્ય રોગ બની જશે. તેની સાથે સાથે જમ્મુ-કાશ્મીરમાં અબ્દુલ્લા-મુફતી ખાનદાનથી ઈતર રાજકીય નેતૃત્વ ઊભું કરવાની પણ કોશિશ થવી જોઈએ. આ બંને પરિવાર લોકોને ભરમાવવા અને ભડકાવવામાં માહેર છે. હવે આ પરંપરાગત નેતૃત્વ વિરુદ્ધ વિકાસની વાત કરનાર નવા નેતૃત્વને પ્રોત્સાહિત કરવું જોઈએ. આ પ્રકારનું વૈકલ્પિક અને વિકાસોન્મુખ નેતૃત્વ ગ્રામ પંચાયતો, ખંડ/જિલ્લા વિકાસ પરિષદો અને નગર નિગમોમાંથી ચિહ્નિત કરીને પ્રોત્સાહિત કરી શકાય છે. ભારતની સ્વતંત્રતા અને એક્તા-અખંડતા માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર જમ્મુ-કાશ્મીરના હજારો વીરો અને વીરાંગનાઓના નામ પર વિદ્યાલયો, મહાવિદ્યાલયો, ચોક, માર્ગો, પૂલો, બસ ડેપો, રેલવે સ્ટેશનો વગેરેના નામ રાખવાની પહેલ પ્રશંસનીય છે. આ જ લોકો જમ્મુ-કાશ્મીરની યુવા પેઢીના આદર્શ હોવા જોઈએ.

જ્યારે ગુલામ કાશ્મીરના લાખો વિસ્થાપિતો હજુ પણ ન્યાયની વાટ જોઈ રહ્યા છે. તેમની સમસ્યાઓ અને માંગો ઉપર પણ સરકારે સહાનુભૂતિપૂર્વક વિચાર કરવાની જરૂર છે. તેઓ આજ સુધી પોતાના નાગરિક અધિકારોથી જ નહીં, બલ્કે માનવ અધિકારોથી પણ વંચિત છે. તેમની સુવ્યવસ્થાની જરૂર છે, જેથી તે પણ શેષ ભારતવાસીઓની જેમ સુખ, શાંતિ અને સન્માનથી જીવન ગુજારી શકે. તેમની શાસન-પ્રશાસન અને વિધાનસભામાં યોગ્ય ભાગીદારી સુનિશ્ચિત કરવી જોઈ. જ્યાં સુધી એક એક કાશ્મીરી વિસ્થાપિતની સુરિક્ષત ઘરવાપસી ન થઈ જાય, ત્યાં સુધી વિધાનસભા ચૂંટણી કરાવવાની ઉતાવળ ન જ કરવી જોઈએ. જમ્મુ-કાશ્મીરના પ્રત્યેક નાગરિકના મનમાં નીડર થઈને મતદાન કરવાનો વિશ્વાસ પેદા કરીને જ ત્યાં વાસ્તવિક લોકતંત્રની બહાલી થઈ શકે છે.

### વિશ્વમાં કોરોનાના કહેરને જોતા દેશભરમાં એલર્ટ

# રાજ્ય સરકારે કેન્દ્ર પાસેથી ૧૨ લાખ વેક્સિનના ડોઝ મંગાવ્યા

## સરકારે તમામ તૈયારીઓ કરી લીધી, જરૂર જણાશે તો વધુ સુવિધાઓ ઉભી કરાશે, સરકાર દ્વારા ફરીવાર પ્રિકોશન ડોઝની ડ્રાઈવ શરૂ કરવામાં આવશે

ગાંધીનગર, તા.૨૮

વિશ્વમાં ફરીવાર હાહાકાર મચાવનાર કોરોના વાયરસને લઈને ભારત સરકાર એલર્ટ થઈ ગઈ છે. કેટલાક રાજ્યોએ માસ્ક પહેરવાનું ફરજિયાત કરી દીધું છે. જ્યારે કેન્દ્રએ રાજ્ય સરકારોને નવી એડવાઈઝરી પણ આપી દીધી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ તાજેતરમાં જ અમદાવાદમનાં કહ્યું હતું કે, ગભરાવાની જરૂર નથી પણ સાવચેતી રાખવી જરૂરી છે. ત્યારે રાજ્ય સરકારે પણ જાહેર મેળાવડાઓમાં ગાઈડલાઈનનુંપાલન કરવા માટે જણાવ્યું છે. આજે સમગ્ર દેશમાં સરકાર કોરોનાની સામે લડવા તમામ તૈયારીઓની મોકડ્રિલ યોજીરહીછે. ત્યારે ગાંધીનગરમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે પણ ગાંધીનગર સીવિલ હોસ્પિટલ ખાતે યોજાયેલ ઓક્સિજનની મોકડ્રીલમાં સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

આ દરમિયાન આરોગ્ય મંત્રીએ કહ્યું હતું કે, સરકારે તમામ તૈયારીઓ કરી લીધી છે. જરૂર જણાશે તો વધુ સુવિધાઓ ઉભી કરીશું. તેમણે વેક્સિન અંગે કહ્યું હતું કે, રાજ્ય સરકારે કેન્દ્ર પાસે વેક્સિનનો નવો જથ્થો માંગ્યો છે. ૧૨ લાખ જેટલા વેક્સિનના ડોઝ મંગાવી લેવાયા છે. સરકાર દ્વારા ફરીવાર પ્રિકોશન ડોઝની ડ્રાઈવ શરૂ કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, રાજયમાં વેક્સિનનો જથ્થો ઓછી સંખ્યામાં બગડ્યો છે. સામાન્ય રીતે કહીએ તો પુરેપુરા જથ્થાનો રાજયમાં વપરાશ કરવામાં આવ્યો છે. વેક્સિનના જથ્થાને એક્સપાયરી પહેલાં જ જ્યાં જરૂર હોય ત્યાં મોકલી દેવામાં આવ્યો છે. રાજ્ય સરકારે કેન્દ્ર પાસે કોવિશિલ્ડ અને કોવેક્સિન વેક્સિનનો જથ્થો મંગાવ્યો છે.

કોરોનાએ ફરીવાર દહેશત ફેલાવતાં હવે લોકો પ્રિકોશન ડોઝ લેવા માટે દોડાદોડ કરી રહ્યાં છે. અમદાવાદમાં જ દૈનિક એક હજારથી વધુની સંખ્યામાં બુસ્ટર ડોઝ લેવાઈ રહ્યા છે. આ અગાઉ રસી લેવા આવનારી વ્યક્તિઓની સંખ્યા નહિવત્ થઈ હોવાથી નવા ડોઝ મંગાવવાનું ઓછું કરાયું હતું. પરંતુ હવે રાજ્ય સરકારે કેન્દ્ર પાસે વેક્સિનનો નવો સ્ટોક માંગ્યો છે. આ ઉપરાંત ૧૨થી ૧૪ વર્ષના અને ૧૪ વર્ષથી ૧૮ વર્ષની વયજૂથના બાળકોમાં રસી લેવા માટેનો ઉત્સાહ થોડો ઠંડો પડ્યો હતો તે પણ હવે ફરી શરૂ થયો છે. જેમને પહેલો અથવા બીજો ડોઝ બાકી છે તેવા બાળકો પણ હાલ રસી લેવા આવી રહ્યા છે.

આ ઉપરાંત આજે અમદાવાદની SVP હોસ્પિટલમાં પણ કોરોનાની સ્થિતિને લઈને મોક ડ્રીલ યોજાઈ હતી. સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા, અમદાવાદના મેયર કિરીટ પરમાર સહિતના અધિકારીઓએ SVP હોસ્પિટલ પહોંચી બેડ, વેન્ટીલેટર અને દવાઓની ઉપલબ્ધતા અંગે ચકાસણી કરી હતી. સમીક્ષા બાદ મંત્રી જગદીશ વિશ્વકર્માએ કહ્યું હતું કે, જો કોરોનાના કેસો વધે તો કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે તંત્ર સજ્જ રહે તેના માટે દરેક હોસ્પિટલોમાં મોક ડ્રીલ યોજાઈ છે.

# 'We Care'ની રિલાયન્સ ભાવના સાથે બાળકોમાં ઉત્સાહનો સંચાર કરવાનું અભિયાન

## વિવિધ સ્થળોએ વિવિધ પૃષ્ઠભૂમિના ૮૧૦૦થી વધુ બાળકોને ભેટસોગાદ આપી, રમતો રમાડી અને જરૂરિયાતમંદની સારવાર કરાવી : રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને અધ્યક્ષા શ્રીમતી નીતા અંબાણી માને છે કે બાળકોનું હાસ્ય જાદુઈ છે



મુંબઈ, તા. ૨૮

ભારતભરમાં વંચિત બાળકોમાં ઉત્સાહનો સંચાર કરવાની પહેલ એટલે 'ડિસેમ્બર ટુ રિમેમ્બર' નિમિત્તે રિલાયન્સના સ્વયંસેવકોને આંગણવાડીઓ, શાળાઓ અને વંચિત સમુદાયો સુધી પહોંચતા જોવામાં આવ્યા હતા. હવે આ પહેલ જ્યારે તેના ૧૦માં વર્ષમાં પ્રવેશે છે ત્યારે સ્વયંસેવીઓ દ્વારા રિલાયન્સની 'વી કેર'ની ફિલસૂફીને આત્મસાત કરવામાં આવી છે અને વર્ષ ૨૦૨૨માં ૩થી ૧૨ વર્ષની વયના ૮૧૦૦થી વધુ બાળકો સુધી આ પહેલને પહોંચાડવામાં આવી છે.

'ડિસેમ્બર ટુ રિમેમ્બર'માં ૨૬ ડિસેમ્બરે મુંબઈમાં જિયો દ્વારા રજૂ કરવામાં આવેલા હેમલેય્ઝ વંડરલેન્ડન ખાતે ઉજવણીનો પણ સમાવેશ થાય છે જેમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલી પશ્ચાદભૂના ૧૪૦૦થી વધુ બાળકોએ રાઈડ્સ અને મનોરંજન પ્રવૃત્તિઓની એક અનોખી ઘટનાનો અનુભવ કર્યો હતો અને તેમને અનોખી ટ્રીટ મળી હતી.

"નાતાલ આનંદ માણવાનો અને આનંદ વહેંચવાનો સમય છે. રિલાયન્સ ફાઉન્ડેશનમાં એક દાયકાથી વધુ સમયથી મેં અને ઈશાએ બાળકો સાથે નાતાલની ઉજવણી કરવાનું નક્કી કર્યું છે," તેમ રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને અધ્યક્ષા શ્રીમતી નીતા અંબાણીએ જણાવ્યું હતું, "આ વર્ષે પણ હાંસિયામાં ધકેલાઈ ગયેલી પશ્ચાદભૂના બાળકોએ મુંબઈમાં હેમલેય્ઝ વન્ડરલેન્ડ અને દેશભરના સ્થળોએ અનેકવિધ પ્રવૃત્તિનો આનંદ માણ્યો અને તેમને રમતોનો આનંદ માણવા માટે એકસાથે લાવવામાં આવ્યા હતા." મુંબઈમાં ડિસેમ્બરના પ્રથમ સપ્તાહથી શરૂ કરીને, ડિસેમ્બર ટુ રિમેમ્બરની પ્રવૃત્તિઓ થાણે, કોલકાતા, વારાણસી, અમદાવાદ, સિલ્વાસા (દાદરા અને નગર હવેલી), ભુવનેશ્વર, ભોપાલ, શાહડોલ (મધ્યપ્રદેશ), દિલ્હી, રાંચી, ચેન્નાઈ અને બેંગલુરૂમાં કરવામાં આવી હતી.

આ પ્રવૃત્તિઓમાં વિવિધ ઉજવણીનું સંયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં રિલાયન્સના કર્મચારીઓ અને તેમના પરિવારો બાળકોનું મનોરંજન કરવામાં અને ભેટસોગાદોનું વિતરણ કરવામાં વ્યસ્ત હતા. બેગમાં હેમલેય્ઝના ઉંમરને અનુરૂપ આનંદ આપે તેવા તેમજ શૈક્ષણિક જ્ઞાન આપતાં રમકડા, કપડા, નાસ્તો અને તહેવારોને લગતી વસ્તુઓ હતી. કર્મચારીઓએ બાળકોને વિવિધ રમતો રમાડી, હસ્તકળા શીખવી અને તેમનામાં આનંદ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે તેમને પ્રોત્સાહિત કર્યા. બાળકોમાં ઉત્સાહનો સંચાર કરવા માટે કર્મચારીઓએ મળીને ૧૫૦૦થી વધુ સ્વયંસેવી કલાકોનું યોગદાન આપ્યું છે.

એક ઈનામી હરીફાઈ પણ દરેક સ્થળો ઉપર યોજવામાં આવી હતી જ્યાં ટિકિટ લેનાર બાળક વિજેતા બને એટલે તે પોતાની એક ઈચ્છા વ્યક્ત કરી શકે જેને પૂરી કરવામાં આવે.

મુંબઈમાં જિયો દ્વારા રજૂ કરવામાં આવેલા હેમલેય્ઝ વંડરલેન્ડન ખાતેની ઉજવણીમાં રિલાયન્સ ફાઉન્ડેશન સાથે કામ કરતી વિવિધ એનજીઓ અને અન્ય સંસ્થાઓના વંચિત બાળકો માટેના આનંદદાયક ઉત્સવનો સમાવેશ થતો હતો. બાળકોએ મોન્સ્ટર રાઈડ, હેમલેય્ઝ વિલેજ, હોન્ટેડ સર્કસ, ફેરિસ વ્હીલ, કેરોયુઝલ, લેગો પ્લેઝોન અને કાર્નિવલ ગેમ્સ સહિતના વિવિધ આકર્ષણોમાં આનંદદાયક સમય પસાર કર્યો હતો.

ડિસેમ્બર ટુ રિમેમ્બર એ રિલાયન્સ ફાઉન્ડેશનની શિષ્યવૃત્તિ, માર્ગદર્શન અને તાલીમ તથા રમતગમતના પ્રોત્સાહન તેમજ પાયાના સ્તરે રમતગમતના માળખાના વિકાસ અને અન્ય અનેકવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ કરતી એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ ફોર ઓલ હેઠળની નિરંતર જારી રહેતી એક પહેલ છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

દુ:ખથી ગભરાવ નહીં, પરિશ્રમ કરો.

-અજ્ઞાત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.અમરદાદ-૧૩૯૨, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, પોષ સુદ-૬ પંચક તા.૨૮ ડિસેમ્બર ૨૦૨૨, બુધવાર, પારસી તા.૧૫, મુસ્લિમ તા.૪, શત્તતારકા નક્ષત્ર, સિધ્ધિ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૭:૩૨, સૂ.અ.૬:૧૪

આજનો દિવસ મધ્યમછે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ), પરોઢે ૫:૫૬ ક. પછી જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

-કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : મહત્વના કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનમાં ઘર્ષણ થવા સંભવ છે.
વૃષભ : જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. તમારા પ્રયત્નો ફળે.
મિથુન : સ્વજનથી મિલન-મુલાકાત થાય. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે.
કર્ક : ચિંતાનો ઉકેલ મળે. નાણાંકીય સમસ્યા હળવી બને.
સિંહ : પુરુષાર્થ પછી યોગ્ય ફળ મળે. પડવા-વાગવાથી સંભાળવું.
કન્યા : આવક કરતા જાવક વિશેષ રહે. અંગત મૂંઝવણ અનુભવાય.
તુલા : આર્થિક સમસ્યા હળવી બને. નોકરી-ધંધામાં સફળતા રહે.
વૃશ્ચિક : ધીરજની કસોટી થાય. મનમાં ઉગ્રતા રહે.
ધન : અગત્યના કામમાં રૂકાવટ આવે. નાણાંભીડ ઉદ્ભવે.
મકર : ઘરમાં વાદ-વિવાદનો પ્રસંગ બને. પ્રયત્નો વિલંબથી ફળે.
કુંભ : નાણાંભીડ હળવી બને. નવિન શુભ સમાચાર મળે.
મીન : માનસિક પ્રસન્નતાનો અનુભવ થાય. પ્રવાસમાં સફળતા મળે.


# તુર્કીમાં પુરાત્વવિદોને પ્રાચીન કિલ્લાના ખોદકામમાં મંદિર મળ્યું



અંકારા, તા.૨૮

તુર્કીમાંપુરાતત્વવિદોનેપ્રાચીન કિલ્લાના ખોદકામ દરમિયાન એક મંદિર મળ્યુ છે. આ મંદિરનો સંબંધ રાજા મીનુઆ સાથે જણાવાઈ રહ્યો છે. જે પ્રાચીન કિલ્લામાં આ મંદિર મળ્યુ છે, તે પૂર્વી તુર્કીના વેન જિલ્લામાં આવે છે. જોકે, રાજા મીનુઆ સાથે સંબંધિત આ પહેલુ મંદિર નથી જે પુરાતત્વવિદોને મળ્યુ હોય. અગાઉ પણ એક મંદિર મળી ચૂક્યુ છે. પુરાતત્વવિદ જે પ્રાચીન કિલ્લાનું ખોદકામ કરી રહ્યા છે, તેમનું મોડર્ન તુર્કિશ નામ કોઝુંટ છે, જે આઠમી સદી ઈસા પૂર્વમાં બનાવવામાં આવ્યુ હતુ. આ કિલ્લાનું નિર્માણ રાજા મીનુઆએ જ કરાવ્યુ હતુ. વેન મ્યુઝિયમ તરફથી કિલ્લામાં ખોદકામ દરમિયાન અમુક મહત્વની શોધ કરવામાં આવી ચૂકી છે. કિલ્લામાં ખોદકામનું કાર્ય તુર્કીના કલ્ચર અને ટુરિઝ્મ મંત્રાલયની અનુમતિ બાદ શરૂ કરવામાં આવ્યુ હતુ જે હજુ સુધી ચાલુ છે. તુર્કી સરકાર તરફથી પુરાતત્વના આ ખોદકામ માટે ફંડ પણ આપવામાં આવી રહ્યુ છે. કિલ્લામાં આ ખોદકામ વેન યુઝુંકુ યિલ યુનિવર્સિટીના પુરાતત્વ વિભાગના પ્રોફેસર સબાહત્તિન અર્દોઆનના નેતૃત્વમાં કરવામાં આવી રહ્યુ છે. મહત્વની વાત એ છે કે કિલ્લાની અંદર જે આ મંદિર મળ્યુ છે તે કોરબેલિંગ ટેકનોલોજીથી બનાવવામાં આવ્યુ છે. જેમાં માટીના વાસણોના ટુકડા અને ધાતુની કલાકૃતિઓ પણ મળી છે. તુર્કી રાષ્ટ્રપતિ રેચેપ અર્દોઆને આ મામલે કહ્યુ કે ટીમે કિલ્લાના અવશેષ વાળા સમગ્ર વિસ્તારમાંથી અમુક મહત્વની વસ્તુઓની શોધ કરી છે, જે વિસ્તારના ઈતિહાસ સાથે જોડાયેલી છે. અર્દોઆને જણાવ્યુ કે અમુક સમય પહેલા પહેલુ મંદિર મળ્યુ હતુ કે હવે ટીમે રાજા મીનુઆનું બીજુ મંદિર પણ મળી ગયુ છે. હાલ ઠંડીને જોતા તેમણે સાઈટ પર ખોદકામનું કામ બંધ કરી દીધુ છે. જ્યારે ઠંડી ઓછી થશે ત્યારે ફરીથી કામ શરૂ કરવામાં આવશે. અર્દોઆને કહ્યુ કે ખોદકામ દરમિયાન અમે બીજા મંદિરની શોધ કરી છે, જે અમને લાગે છે કે રાજા મીનુઆએ બનાવી છે. અમને મંદિરની પાસે જ એક મકબરો પણ મળ્યો છે. આ વિસ્તારમાંથી ઘણી સંખ્યામાં પ્રાચીન સમયના વાસણો પણ મળ્યા છે. જે વાસણ મળ્યા છે, તે મધ્ય યુગના છે. સાથે જ કિલ્લાની બહાર કબ્રસ્તાન પણ મળ્યુ છે. જેમનું મળવુ ખૂબ મહત્વનું ગણવામાં આવી રહ્યુ છે.

# રૂા. ૧૦૦૦ની નોટ બની સોશિયલ મીડિયા ઉપર ચર્ચાનો વિષય




નવીદિલ્હી તા.૨૮

વર્ષ ૨૦૨૩ શરૂ થવામાં હવે ગણતરીના દિવસો બાકી છે. નવા વર્ષની સાથે દેશમાં ઘણા નિયમ પણ બદલાઈ જશે જે લોકોના જીવનમાં સીધી અસર પડશે. ૧ જાન્યુઆરી ૨૦૨૩થી બદલાનારા નિયમોમાં બેંક લોકર, ક્રેડિટ કાર્ડ, ગાડીઓના રજિસ્ટ્રેશન, એમ્સમાં રજિસ્ટ્રેશન, મોબાઈલ ફોનના IMEI સાથે જોડાયેલા ઘણા નિયમ છે. આ બધાની વચ્ચે સોશિયલ મીડિયા પર એવી ચર્ચાઓ થઈ રહી છે કે ૧ જાન્યુઆરી ૨૦૨૩થી ૧૦૦૦ રૂપિયાની નવી નોટ આવી જશે અને આ દિવસથી ૨૦૦૦ રૂપિયાની જૂની નોટ પણ બંધ થઈ જશે. શું દાવો કરવામાં આવી રહ્યો છે? તે..જાણો.. સોશિયલ મીડિયા પર દાવો કરવામાં આવી રહ્યો છે, ૧ જાન્યુઆરી ૨૦૨૩ થી ૧૦૦૦ રૂપિયાની નોટ આવી જશે અને ૨૦૦૦ રૂપિયાની નોટ બેંકોમાં પરત ફરશે. જોકે સરકારે ૧૦૦૦ રૂપિયાની નોટ જાહેર કરવા અને ૨૦૦૦ રૂપિયાની નોટને પરત લેવા સાથે જોડાયેલ કોઈ નોટિફિકેશ જાહેર કરવામાં આવ્યું નથી.

PIB Fact Check એ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા આ વીડિયોની સચ્ચાઈ જાણવા માટે તપાસ કરી. PIB Fact Check એ પોતાને તપાસમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં કરવામાં આવેલો દાવો સંપૂર્ણપણે ખોટો છે. તેનો સીધો અર્થ એ થયો છે કે ૧ જાન્યુઆરી ૨૦૨૩ થી ના તો ૧૦૦૦ રૂપિયાની નવી નોટ આવી રહી છે અને ના તો ૨૦૦૦ રૂપિયાની નોટ બેંકો પરત લેવામાં આવી રહી છે. ૨૦૦૦ રૂપિયાની નોટ પહેલાંની માફક ચાલુ રહેશે. PIB Fact Check એ લોકોને અપીલ કરી છે. આ પ્રકારે ભ્રામક મેસેજને કોઈપણ વ્યક્તિની સાથે શેર ન કરો અને ના તો સોશિયલ મીડિયા પર કોઈ ગ્રુપમાં ફોરવર્ડ કરો.

# KCR ૨૦૨૪ની ચૂંટણી માટે ત્રીજા મોરચાની સ્થાપના કરશે તો કોંગ્રેસને સૌથી વધુ નુકસાન થશે

નવી દિલ્હી, તા.૨૮

તેલંગાણાના મુખ્યમંત્રી કે. ચંદ્રશેખર રાવે તાજેતરના સંબોધનમાં લાલ કિલ્લા ઉપર તેમની પાર્ટીનો ગુલાબી ધ્વજ લહેરાવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ત્રીજો મોરચો સ્થાપવાની તેમની તૈયારીનો સંકેત આપ્યો હતો. KCRએ તાજેતરમાં જ તેમના પક્ષનું નામ તેલંગાણા રાષ્ટ્રસમિતિથી બદલીને ભારત રાષ્ટ્રસમિતિ (BRS) કર્યું છે અને ત્યારથી તેઓ વિવિધ રાજ્યોમાં વિવિધ પક્ષો સાથે બેઠકો કરી રહ્યા છે. આગામી ચૂંટણીને લઈને મુખ્ય રાજકીય પક્ષો દ્વારા અનેક તૈયારીઓ ચાલી રહી છે. ભાજપ પાસે તેની પોતાની નક્કર વોટ બેંક છે, ત્યારે BRS કોંગ્રેસ પાર્ટીને નુકસાન પહોંચાડી શકે છે. કેસીઆર ગઠબંધન જે મતો પ્રાપ્ત કરશે તેની કોંગ્રેસને વધુ અસર થશે. આ ઉપરાંત, ૨૦૨૪ની ચૂંટણીમાં મમતા બેનરજીનું સ્ટેન્ડ પણ નિર્ણાયક છે, જે આગળ જતાં જ જાણી શકાશે. KCRએ ૧૪ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ દિલ્હીમાં BRS ઓફિસનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પહેલા તેઓ બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર, નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સહિતના મોટા નેતાઓ સાથે તેઓ જોવા મળ્યા હતા. કેસીઆર ઘણીવાર અલગ-અલગ મંચ ઉપર વિવિધ રાજકીય પક્ષોના નેતાઓને મળતા જોવા મળે છે. ઉદ્‌ઘાટન પ્રસંગે નવા પક્ષ કાર્યાલય ખાતે અનેક ખેડૂત સંગઠનોને પણ મળ્યા હતા. તો શું KCR ૨૦૨૪ માટે ત્રીજા મોરચાની તૈયારી કરી રહ્યા છે? રાજકીય નિષ્ણાંતોનું માનવું છે કે, ત્રીજા મોરચાની તૈયારી માટે કેસીઆર વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ અને નેતાઓ સાથે સતત મુલાકાત કરી રહ્યા છે, જેના કારણે આગામી ચૂંટણીમાં કોંગ્રેસને ઘણું નુકસાન થઈ શકે છે. આ મોરચો ભલે ભાજપની વોટબેંકને જરાય અસર ન કરે, પરંતુ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મૂંઝવણમાં રહેલા મતદારોને ચોક્કસપણે પ્રભાવિત કરશે, કારણ કે, તેઓ તેને એક નવા વિકલ્પ તરીકે જોશે અને તેને જ મત આપશે, જેનું નુકસાન કોંગ્રેસને ભોગવવું પડશે. ઉત્તરપ્રદેશ અને બિહારમાં યાદવ, મુસ્લિમ અને ઓબીસી મતદારો અખિલેશ યાદવ અને નીતિશકુમાર સાથે જોડાયેલા છે, જેઓ બીઆરએસ સાથે ગઠબંધનમાં આવે તેવી શક્યતા છે. આનાથી કોંગ્રેસને પણ મોટું નુકસાન થશે જે પોતાનું ગુમાવે? પ્રતિષ્ઠા મેળવવાનો પ્રયાસ કરી રહી છે, કારણ કે, બંને રાજ્યોમાં ભાજપની પોતાની વોટબેંક પણ છે. રાજકીય નિષ્ણાતોનું કહેવું છે કે, AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસીની જેમ કેસીઆર પણ ભાજપ માટે મત વધારવાના માધ્યમ તરીકે જ કામ કરશે. કેસીઆર એક વ્યૂહરચના ઘડવામાં વ્યસ્ત છે, જેમાં તેઓ સફળ થશે તો દેશની વર્તમાન રાજનીતિમાં મોટો ફેરફાર લાવી શકે છે. ચૂંટણી પંચે બીઆરએસને રાષ્ટ્રીય પક્ષ તરીકે જાહેર કર્યો છે, જેના પગલે કેસીઆરએ ૯ ડિસેમ્બરે હૈદરાબાદમાં પાર્ટીનો ગુલાબી ધ્વજ ઔપચારિક રીતે ફરકાવ્યો હતો. કેસીઆરએ તે સંબોધનમાં, 'અબકી બાર કિસાન સરકાર' સૂત્ર ઉચ્ચાર્યું હતું અને દેશમાં આર્થિક, પર્યાવરણીય, પાણી, વીજળી અને મહિલા સશક્તિકરણ નીતિઓની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. આ તમામ પગલાં સૂચવે છે કે, કેસીઆર ત્રીજા મોરચાના નિર્માણ અંગે સક્રિયપણે વિચારી રહ્યા છે.

# ગાંધીનગર સચિવાલયમાં મુલાકાતીઓ, મંત્રીઓ વગેરે માટે માસ્ક ફરજિયાત

## સપ્તાહના પ્રથમ દિવસે જ સૂચના છતાં કેટલાક મંત્રી માસ્ક વિના દેખાયા !

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં નવી સરકારે કામગીરી શરૂ કરી દીધી છે અને મુલાકાતીઓ માટે મંત્રીઓનો હાજર રહેવાનું શરૂ કરી દેવાયું છે. બીજી બાજુ કોરોનાને લઈને સરકારે સચિવાલયમાં આવનાર તમામ મુલાકાતીઓ માટે માસ્ક ફરજિયાત પહેરવા સૂચના આપી દેવાઈ છે. ત્યારે આજે સચિવાલયમાં આવતાં જ કેટલાક મંત્રીઓ પણ માસ્ક વિના જોવા મળ્યા હતાં. તમામ મંત્રીઓ સોમથી શુક્ર સચિવાલયમાં હાજર રહેશે. તેઓ શનિવાર અને રવિવાર પોતાના મત વિસ્તારમાં જઈ શકશે. તેમને અચાનક ગાંધીનગરની બહાર જવાનું થાય તો મુખ્યમંત્રીનું ધ્યાન દોરવું પડશે. હવે મંત્રીઓ એક્શન મોડમાં કામ કરશે. લોકોના કામો ઝડપથી થાય તે માટે મંત્રીઓને સૂચના આપી દેવામાં આવી છે. આ માટે મંત્રીઓએ એક સપ્તાહ ગાંધીનગરમાં સચિવાલય ખાતે હાજર રહેવું પડશે. તેઓ માત્ર વિકેન્ડ એટલે કે શનિવાર અને રવિવારે પોતાના મત વિસ્તારમાં જઈ શકશે. જો તેમને ગાંધીનગરમાંથી અચાનક બહાર જવાનું થાય તો મુખ્યમંત્રીનું ધ્યાન દોરવું પડશે. હવે કયા મંત્રી શું કરી રહ્યાં છે તેની ઉપર પક્ષ અને સરકારની સીધી નજર હશે. લોકોના કામમાં ઢીલ હવે ચલાવી નહીં લેવાય એવી પક્ષ અને સરકારની સીધી સૂચના મંત્રીઓને આપી દેવામાં આવી છે. દેશમાં કર્ણાટકમાં ફરજિયાત માસ્કની સૂચના આપી દેવામાં આવી છે. તે ઉપરાંત સંસદમાં પણ સાંસદોએ ફરજિયાત માસ્ક પહેરીને આવવું પડશે. ત્યારે હવે ગુજરાતમાં પણ માસ્ક પહેરવો ફરજિયાત થઈ શકે છે. કારણ કે મુખ્યમંત્રીએ નિવેદન આપ્યું છે કે હવેથી હું પણ માસ્ક પહેરીશ અને લોકોએ પણ મેળાવડાઓમાં જતાં માસ્ક અવશ્ય પહેરવું જોઈએ.

# ૨૦૨૨માં ભારતીય બજારે વૈશ્વિક પડકારોનો સારી રીતે સામનો કર્યો

## વર્ષના અંતમાં ચીનમાં કોવિડ સંક્રમણના કેસમાં વધારો થતાં વૈશ્વિક રોગચાળાની બીજી લહેર આવવાની શક્યતા વધુ ઘેરી બની ત્યારે તેજીની આશા ઠગારી નીવડી

નવી દિલ્હી, તા.૨૮

વર્ષ ૨૦૨૨ માં ભૌગોલિક રાજકીય ઉથલપાથલ ઉપરાંત, વૈશ્વિક અર્થવ્યવસ્થા ઉપર ઊર્જાના ભાવમાં વધારો અને આસપાસની મધ્યસ્થ બેંકોની કડક નાણાંકીય નીતિઓને કારણે સર્જાયેલા દબાણ વચ્ચે ભારતીય શેરબજારોએ આ કટોકટીને વિશ્વના અન્ય બજારો કરતાં વધુ સારી રીતે દર્શાવી છે. સ્થાનિક રોકાણકારોના અતૂટ વિશ્વાસે દલાલ સ્ટ્રીટને મોટાભાગે વૈશ્વિક અસ્થિરતા અને ભારતીય બજારના બેન્ચમાર્ક સૂચકાંકોએ આત્મવિશ્વાસ સાથે મંદીના સંકેતોથી અસ્પૃશ્ય રાખ્યા હતા. વર્ષનો મોટા ભાગનો સમય સુસ્ત રહ્યા પછી, સેન્સેક્સે તહેવારોની સિઝનમાં વેગ પકડવાનું શરૂ કર્યું અને ડિસેમ્બરે ૬૩,૨૮૪.૧૯ની તેની સર્વકાલીન ઊંચી સપાટીએ બંધ થયું. જો કે, વર્ષના અંતમાં ચીનમાં કોવિડ સંક્રમણના કેસમાં વધારો થતાં વૈશ્વિક રોગચાળાની બીજી લહેર આવવાની શક્યતા વધુ ઘેરી બની ત્યારે તેજીની આશા ઠગારી નીવડી. સેન્સેક્સ વાર્ષિક ધોરણે (૨૫ ડિસેમ્બર સુધી) માત્ર ૧.૧૨ ટકા ઉપર છે, પરંતુ હજુ પણ તે વિશ્વનું શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બ્રોડ માર્કેટ ઈન્ડેક્સ છે. વાસ્તવમાં, આ વર્ષે મોટા વૈશ્વિક સૂચકાંકોમાંથી કોઈએ વધારો કર્યો નથી. તેમાં ડાઉ જોન્સ (૨૦૨૨માં અત્યાર સુધીમાં ૯.૨૪ ટકા નીચે), FTSE ૧૦૦ (૦.૪૩ ટકા નીચે), નિક્કી (૧૦.૪૭ ટકા નીચે), હેંગસેંગ (૧૫.૮૨ ટકા નીચે) અને શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ (૧૬.૧૫ ટકા નીચે)નો સમાવેશ થાય છે. મોટાભાગનો શ્રેય સ્થાનિક રિટેલ અને સંસ્થાકીય રોકાણકારોને જાય છે, જેમણે નકારાત્મક હેડલાઈન્સ હોવા છતાં બજારમાં તેમનો વિશ્વાસ જાળવી રાખ્યો હતો અને વિદેશી ભંડોળ દ્વારા રેકોર્ડ વેચાણની અસરને સરભર દરમ્યાન SIP યોજનાઓ દ્વારા મ્યુચ્યુઅલ ફંડનું રોકાણ પણ વધી રહ્યું છે, જે નવેમ્બરમાં (ઈક્વિટી અને ડેટ સેગમેન્ટ્સ) રૂ. ૧૩,૩૦૬ કરોડની વિક્રમી સપાટીને સ્પર્શે છે. મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્શિયલ સર્વિસિસના વડા (રિટેલ રિસર્ચ) સિદ્ધાર્થ ખેમકાએ જણાવ્યું હતું કે નવેમ્બરમાં સતત આઠમા મહિને GST કરી હતી. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ૨૦૨૨માં અત્યાર સુધીમાં ભારતીય ઈક્વિટી બજારોમાંથી રેકોર્ડ ૧.૨૧ લાખ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે. તેનાથી વિપરીત, સ્થાનિક રોકાણકારોએ દરેક ઘટાડામાં ખરીદી કરી હતી. NSE લિસ્ટેડ ફર્મ્સમાં રિટેલ રોકાણકારોનું હોલ્ડિંગ ૩૧ માર્ચ, ૨૦૨૨ના રોજ ૭.૪૨ ટકાના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યું હતું. કલેક્શન રૂ. ૧.૪ લાખ કરોડથી વધુ રહ્યું હતું, જ્યારે માર્ચ ૨૦૨૨થી ઈ-વે બિલ સાત કરોડના આંકડાથી ઉપર રહ્યા હતા. રોગચાળા પછી જીડીપી અને પીએમઆઈ જેવા અન્ય આર્થિક સૂચકાંકોમાં પણ સુધારો થયો છે. તેમણે કહ્યું કે ભારતના સારા પ્રદર્શન પાછળ, મજબૂત કોર્પોરેટ કમાણીની સાથે, કેન્દ્ર સરકાર દ્વારા મૂડી ખર્ચમાં વધારો પણ ફાળો આપે છે.

# છેલ્લા બે વર્ષમાં ફેફસાંના કેન્સરના દર્દીઓની સંખ્યામાં પાંચ ટકાનો વધારો થયો છે : સરકાર

નવી દિલ્હી, તા.૨૮



સરકારી આંકડાઓ અનુસાર, છેલ્લા બે વર્ષમાં ભારતમાં ફેફસાના કેન્સરના કેસમાં પાંચટકાથી વધુનો વધારો થયો છે જ્યારે આ જીવલેણ રોગના એકંદર બનાવોમાં ૩૪,૦૦૦થી વધુ દર્દીનો વધારો થયો છે. ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને બિહારમાં સૌથી વધુ કેસ નોંધાયા છે. દક્ષિણના રાજ્યોમાં, કેન્સરના કેસ સૌથી વધુ તમિલનાડુમાં હતા, ત્યારબાદ કર્ણાટક, આંધ્રપ્રદેશ અને કેરળનો નંબર આવે છે. ફેફસાના કેન્સરના કેસ ૨૦૨૦માં ૯૮,૨૭૮થી વધીને ૨૦૨૨માં ૧,૦૩,૩૭૧ થઈ ગયા છે, જેમાં ૫.૨ ટકાનો વધારો દર્શાવે છે. સરકારે સંસદમાં ભારતીય તબીબી સંશોધન પરિષદ-નેશનલ કેન્સર રજિસ્ટ્રી પ્રોગ્રામ (ICMRN CRP)ને ટાંકીને આ માહિતી આપી હતી. ૨૦૨૨માં ઉત્તરપ્રદેશમાં પુરૂષો અને સ્ત્રીઓ બંનેમાં એકંદર કેન્સરના કેસોની મહત્તમ સંખ્યા ૨,૧૦,૯૫૮ નોંધાઈ હતી, તે જ વર્ષમાં મહારાષ્ટ્રમાં ૧,૨૧,૭૧૭ કેસ નોંધાયા હતા, ત્યારબાદ પશ્ચિમ બંગાળ (૧,૧૩,૮૫૧) અને બિહાર (૧,૦૯,૨૭૪) હતા. દક્ષિણ ભારતમાં તમિલનાડુ ૯૩,૫૩૬ કેસ સાથે ટોચ ઉપર છે, ત્યારબાદ કર્ણાટકમાં ૯૦,૩૪૯, આંધ્રપ્રદેશમાં ૭૩,૫૩૬ અને કેરળમાં ૫૯,૧૪૩ કેસ નોંધાયા છે. આ ચાર દક્ષિણ રાજ્યોમાં ૨૦૧૯થી કેન્સરના કેસોમાં વધારો જોવા મળ્યો છે. તમિલનાડુમાં ૨૦૧૯માં ૮૬,૫૯૬, ૨૦૨૦માં ૮૮,૮૬૬ અને ૨૦૨૧માં ૯૧,૧૮૪ કેસ નોંધાયા છે. તેવી જ રીતે, કર્ણાટક ૨૦૧૯માં ૮૩,૮૨૪ કેસ નોંધાયા હતા. ૨૦૨૦માં તે વધીને ૮૫,૯૬૮ થઈ ગયા, જ્યારે ૨૦૨૦માં આ આંકડો ૮૮,૧૨૬ થયો હતો. ૨૦૧૯માં આંધ્રપ્રદેશમાં કેન્સરના ૬૮,૮૮૩ કેસ નોંધાયા હતા, ૨૦૨૦માં તે વધીને ૭૦,૪૨૪ અને ૨૦૨૧માં ૭૧,૯૭૦ ઉપર પહોંચી ગયા હતા. કેરળમાં ૨૦૧૯માં કુલ ૫૬,૧૪૮ કેસ નોંધાયા હતા, જે ૨૦૨૦માં ૫૭,૧૫૫ અને ૨૦૨૧માં ૫૮,૧૩૯ થઈ ગયા હતા. દક્ષિણના તમામ રાજ્યોમાં તેલંગાણામાં તુલનાત્મક રીતે ઓછા કેન્સરના કેસ નોંધાયા છે. ૨૦૧૯માં રાજ્યમાં ૪૬,૪૬૪ કેસ નોંધાયા હતા. ૨૦૨૦માં તે ૪૭,૬૨૦ અને ૨૦૨૧માં આ કેસ ૪૮,૭૭૫ થયા હતા. લક્ષદ્વીપને છોડીને એવું કોઈ રાજ્ય નથી કે જ્યાં આ સંખ્યા ઘટી હોય, જ્યાં સતત બે વર્ષમાં ૨૮ કેસ નોંધાયા હતા. સરકારે કહ્યું છે કે, કેન્સર માટેના જોખમી પરિબળોમાં તમાકુના ઉત્પાદનો, આલ્કોહોલ, અપૂરતી શારીરિક પ્રવૃત્તિઓ, બિનઆરોગ્યપ્રદ આહાર અને વાયુ પ્રદૂષણનો સમાવેશ થાય છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) અનુસાર, નવમાંથી એક ભારતીયને જીવનકાળમાં કેન્સર થવાની સંભાવના છે, કારણ કે, ૨૦૨૦થી ૨૦૨૫ સુધીમાં આ રોગ ૧૨.૮ ટકા જેટલો વધી શકે છે. તેણે એમ પણ કહ્યું કે, ૪૦-૬૪ વયજૂથમાં સૌથી વધુ કેસ નોંધાયા છે. ૪૦ વર્ષથી વધુ ઉંમરમાં, ફેફસાનું કેન્સર પુરૂષોમાં સૌથી સામાન્ય કેન્સર હતું, જ્યારે સ્તન કેન્સર તમામ વય જૂથોમાં સ્ત્રીઓમાં હતું. ભારતમાં કેન્સરના કેસો સતત વધી રહ્યા છે.

# નાણામંત્રી નિર્મલા સીતારમણ AIIMSમાં દાખલ

નવી દિલ્હી તા.૨૮




કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણને સોમવારે દિલ્હીની AIIMS હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એવું કહેવામાં આવ્યું છે કે, સીતારમણને હોસ્પિટલના ખાનગી વોર્ડમાં રાખવામાં આવ્યા હતા. ૬૩ વર્ષીય સીતારમણને બપોરે ૧૨ વાગ્યાની આસપાસ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જોકે તેમને શું તકલીફ થઈ છે તે અંગેની માહિતી હજુ સ્પષ્ટ થઈ નથી. મહત્ત્વનું છે કે, બે દિવસ પહેલા જ સીતારમણે દિલ્હીમાં 'સદૈવ અટલ' ખાતે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને તેમની જન્મજયંતિ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તાજેતરમાં તમિલનાડુની એક યુનિવર્સિટીમાં એક દીક્ષાંત સમારોહ દરમ્યાન નાણામંત્રીએ કહ્યું હતું કે, ભારત વિશ્વની ફાર્મસી તરીકે ઓળખાય છે કારણ કે દેશ સસ્તું ખર્ચે વિશ્વસ્તરીય દવાનું ઉત્પાદન કરે છે. તેમણે કહ્યું કે ભારત આફ્રિકામાં જેનરિક દવાઓની માંગના ૫૦%, યુએસમાં જેનરિક દવાઓના ૪૦% અને યુકેમાં તમામ દવાઓના ૨૫% સપ્લાય કરે છે.

# મુંબઈ : ધનિકો અને તેમની કાર અને તેમની સગવડતાઓ માટેનું શહેર; જ્યાં ગરીબો માટે કોઈ સુવિધા નથી

મુંબઈ તા.૨૮



મુંબઈના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને તણાવજનક અને આ શહેરને ગંદકી માટે અને આ ગંદકી કરવા માટે ગરીબોને વારંવાર દોષી ઠેરવવામાં આવે છે જ્યારે હકીકતમાં, શહેરના ધનિક લોકો તેની મોટાભાગની જમીન ગરીબો પાસેથી વધુને વધુ પડાવી લે છે અને એમની કારો દ્વારા રસ્તાઓ ઉપર ભીડ કરે છે અને શહેરની હવાને પ્રદૂષિત કરે છે. મુંબઈ હવે ઓટોમોબાઈલ સ્લમ બની રહ્યું છે. આ કોઈ અતિશયોક્તિ નથી. ત્યજી દેવાયેલી, તૂટેલી, રસ્તાઓ પર ગંદકીથી ભરેલી ગાડીઓ શહેરને બદનામ કરી રહી છે. ઉદાહરણ તરીકે, બાંદ્રામાં અપસ્કેલ મેન્યુઅલ ગોન્સાલ્વેસ રોડ ઉપર એક ત્યજી દેવાયેલી કારને ગંદા કપડાથી ઢાંકવામાં આવે છે અને તેના ઉપર ઈંટો નાખવામાં આવે છે જેથી તે ઉડી ન જાય, તે જ દશ્ય જે આપણે ઝૂંપડાની ટોચ પર જોઈએ છીએ.

માલિક બાજુની બિલ્ડિંગમાં રહે છે, અન્ય નાગરિકો ફરિયાદ કરતા નથી અને આ તે વિસ્તારમાં જ્યાં નાગરિક સમિતિ સક્રિય હોવાનું માનવામાં આવે છે. જ્યારે અપરાધીઓ સમાન ઉચ્ચ વર્ગના હોય, ત્યારે કોઈ વાંધો ઉઠાવતું નથી. રસ્તા ઉપર મફતમાં પાર્ક કરેલી કાર કોઈને નડતી નથી. આ ગડબડ માટે શહેર અને રાજ્યના વહીવટીતંત્રો, રાજકારણીઓ, નાગરિક સમાજ અને આર્કિટેક્ટ પણ જવાબદાર છે. જ્યારે તેના વાલી મંત્રી, મંગલ પ્રભાત લોઢા, શ્રીમંત લોકો માટે જાણીતા મોટા બિલ્ડર છે ત્યારે મુંબઈ કેવી રીતે સમાવિષ્ટ હોઈ શકે?

મેં ભૂતપૂર્વ કોટન મિલ ડિસ્ટ્રિક્ટમાં તેમનું એક બાંધકામ જોયું જેમાં વિશાળ વિસ્તાર ઉપર સંખ્યાબંધ સ્વિમિંગ પુલ હતા, જેમાંથી એક માત્ર ગોરાઓ માટે આરક્ષિત હતું. હા અને એ પણ સ્વતંત્ર ભારતમાં ! સામાન્ય માણસ માટે, ઝૂંપડપટ્ટીઓ રોજબરોજની પ્રવૃત્તિઓ દરમ્યાન ભાગ્યે જ દેખાતી હોય છે. એ દિવસો ગયા જ્યારે એરપોર્ટનો રસ્તા ઉપર જાહેર શૌચાલયના અભાવે રોજ સવારે ગરીબ બેસીને શૌચક્રિયા કરતો હતો. આજે વહીવટીતંત્ર ઝૂંપડપટ્ટીઓને તોડી પાડે છે અને તે જમીનનો ઉપયોગ મુખ્યત્વે વૈભવી આવાસ માટે કરે છે.

મુંબઈમાં જમીન દુર્લભ છે. હા, તે દુર્લભ છે પરંતુ તે માત્ર સામાન્ય લોકો માટે. ધનિકો માટે તે દરરોજ વધી રહી છે. બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સમાં તાજેતરમાં ૧૭ એકરથી ઓછી જગ્યા ધરાવતો વિશાળ મોલ ખુલ્યો છે જે શહેરના અન્ય કોઈપણ કરતાં ફેન્સિયર છે. વ્યંગાત્મક રીતે, લગભગ તમામ લક્ઝરી ઈમારતો રાહદારીઓના ફૂટપાથને અવરોધે છે. પદયાત્રીઓને શહેરમાં રોજેરોજ અપમાનનો સામનો કરવો પડે છે અને ધનિકો તેમની નાગરિક યોજનાઓમાં ગરીબ લોકો કરતાં તેમની કારને વિશેષાધિકાર આપે છે. સત્તાવાળાઓ જાહેર હિતની વિરૂદ્ધ કેવી રીતે કામ કરે છે તેનું તાજેતરનું ઉદાહરણ : મુંબઈ ક્રિકેટ એસોસિએશન ધનવાન છે પરંતુ એમસીએ દ્વારા મુંબઈ પોલીસને બેન્ડોબાસ્ટ માટેના ૧૪ કરોડ રૂપિયાના લેણાં તાજેતરમાં જ સરકાર દ્વારા માફ કરવામાં આવ્યા હતા. ભાજપના શહેર પ્રમુખ, MCA પ્રમુખની ચૂંટણીમાં મિલીભગત છે. ત્યારબાદ મંત્રાલયમાં શહેરી વિકાસ વિભાગે મ્યુનિસિપલ કોર્પોરેશનને ચેમ્બુરમાં ૧૦,૦૦૦ ચોરસ મીટર પ્રાઈમ લેન્ડને ખાનગી ઉપયોગ માટે ડી-રિઝર્વ કરવા કહ્યું છે અને આ ખાનગી ઉપયોગ શું છે? એક ગોલ્ફ ક્લબ ! રમતગમતના મેદાનો અને સાર્વજનિક જગ્યાઓ, શાળાઓ સાથે સંકળાયેલી જગ્યાઓનું પણ મોટા પાયે ખાનગીકરણ કરવામાં આવી રહ્યું છે, ગરીબો અંદર રમી રહેલા અમીરોને જોઈ પણ શકતા નથી. નો ઈન્કાર કરવામાં આવી રહ્યો છે. આ રમતને પ્રોત્સાહન આપવાનો કોઈ રસ્તો નથી. આવી સેંકડો એકર જમીન કે જેનો જાહેર હેતુઓ માટે ઉપયોગ કરી શકાતો હતો તે ૧૯૮૯માં શરૂ થયેલી વિશાળ ડિરિઝર્વેશન પ્રક્રિયા અને કાપડ મિલોની જમીન સહિત મોટા પાયે ઔદ્યોગિક બંધ થવાને પગલે ખોટી નીતિઓ દ્વારા નિહિત હિતો માટે આપવામાં આવી છે. શહેર કોર્પોરેશન તેની ખોટી નીતિઓ અપનાવી રહ્યું છે. તે મ્યુનિસિપલ ઉદ્યાનોનું કોંક્રીટીંગ કરે છે, હરિયાળીનો નાશ કરે છે, જમીનમાં પાણીનું શોષણ અટકાવે છે, વરસાદના પાકના નિયમોનો અમલ કરતા નથી. કોન્ટ્રાક્ટ સિસ્ટમ અને ખાનગીકરણ શરમજનક રીતે નિષ્ફળ સાબિત થયું છે. કોન્ટ્રાક્ટરોના લાભાર્થે કરોડોનો ખર્ચ કરવામાં આવે છે પરંતુ કામદારોને મહિનાઓથી વેતન ચૂકવવામાં આવતું નથી.


શહેરમાં રહેતા સામાન્ય લોકોનો નિર્ણય લેવામાં સામેલ થવાનો અધિકાર સંયુક્ત રાષ્ટ્ર દ્વારા માન્ય છે પરંતુ મુંબઈમાં લોકો વધુને વધુ હાંસિયામાં ધકેલાઈ રહ્યા છે અને અપમાનિત થઈ રહ્યા છે. મુંબઈમાં કાચ અને સ્ટીલની ઘણી નવી લક્ઝરી ઈમારતો છે. જ્યારે તમે શેરીમાં ચાલતા હોવ ત્યારે તમને ખાલી દિવાલો અથવા ઊંચી કાર પાર્ક સિવાય બીજું કંઈ દેખાતું નથી. ન્યુ બોમ્બે અથવા નવી મુંબઈ થોડી રાહત મળે છે. અહીં ઘણી હરિયાળી છે અને બસ સ્ટેશનો સ્વચ્છ શૌચાલય સાથે સારા છે, જે મુંબઈમાં દુર્લભ છે. મુંબઈના ઘણા ધનિકો હાસ્યાસ્પદ રીતે ઓછા ભાડા ઉપર સરકાર દ્વારા ભાડે લીધેલી જમીન ઉપર મોટી ઈમારતોમાં વૈભવી ફ્લેટમાં રહેવા માટે ભારે સબસિડી મેળવે છે. કમ્બાલા હિલ અને મરીન ડ્રાઈવ અથવા ચર્ચગેટ જેવા વિસ્તારોના કેટલાક ધનિકો જાહેર વિસ્તારોમાં પાર્કિંગ માટે ચૂકવણી પણ કરતા નથી. તેઓ જાહેર ઉપદ્રવ કરે છે તે હકીકતથી અજાણ છે. તેમ જ ધનિકો મહાનગરપાલિકા દ્વારા તિજોરીને મોટા ખર્ચે બાંધવામાં આવેલા હાઈ-રાઈઝ પાર્કિંગ લોટમાં પાર્કિંગ માટે ચૂકવણી કરવા માંગતા નથી.

બ્રિટિશ શાસન હેઠળ અને તે પછીના ઘણા વર્ષો પછી પણ, બોમ્બે એક આંતરરાષ્ટ્રીય શહેર હતું જેમાં તેના ગરીબોની એટલી જ કાળજી લેવામાં આવતી હતી જેટલી તેના અમીરોની લેવામાં આવતી હતી. મોહમ્મદ અલી રોડ અને પ્રિન્સેસ સ્ટ્રીટ જેવા ભીડભાડવાળા વિસ્તારોમાં પાણી અને ગટરની પાઈપલાઈન સુધારવા માટે ૧૮૯૭ના પ્લેગ દરમ્યાન હાથ ધરવામાં આવેલ મોટા પાયે પુર્નઃ નિર્માણ જે હજુ પણ આ વિસ્તારોમાં ડ્રેનેજ સિસ્ટમની જીવાદોરી છે તે તેનો પુરાવો છે. તેઓએ ઉપનગરોમાં ભીડ ઘટાડવા માટે મધ્યમ વર્ગ અને નીચલા મધ્યમ વર્ગના આવાસો પણ બનાવ્યા. બાંદ્રા એક એવું ઉપનગર હતું કે જ્યાં પહોળા રસ્તાઓ અને અન્ય ખુલ્લી જગ્યાઓ હતી. આજે માત્ર અહી શ્રીમંત લોકો જ છે જેમણે અતિક્રમણ કરીને તમામ જગ્યાઓ ઉપર કબજો કરી લીધો છે. પરંતુ ગરીબોનું ધ્યાન કોણ રાખશે?

# જૂનાગઢમાંથી રૂા.૨૪,૫૧,૫૨૦નો ૮૬૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ પકડાયો

## ઝફર મેદાનના ખુલ્લા ભાગમાં કટીંગ કરીને દારૂની હેરફેર થાય તે પહેલા પોલીસ ત્રાટકી : કુલ રૂા.૩૭,૫૯,૦૨૦નો મુદામાલ જપ્ત કરાયો










(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢતા.૨૮

જૂનાગઢમાં ઝફર મેદાનના ખુલ્લા ભાગમાંથી વિદેશી દારૂનો જથ્થો કટીંગ કરી હેરફેર થાય તે પહેલા એલસીબી પોલીસે ત્રાટકી રેડ કરતા વિદેશી દારૂનો જંગી જથ્થા સહિતનો કુલ રૂા.૩૭,૫૯,૦૨૦નો મુદામાલ જપ્ત કરી ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવની પોલીસો આપેલી વિગત અનુસાર જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક મયંકસિંહચાવડાની સુચના તેમજ પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટીના માર્ગદર્શન હેઠળ પ્રવર્તમાન સમયમાં વિદેશી દારૂ તથા જુગારની બદીને નેસ્તનાબૂદ કરવા અને આવી પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર ઘોંસ બોલાવી દબોચી લઈ ગેરકાયદેસર પ્રવૃત્તિને સંપુર્ણપણે ડામી દેવા સુચના કરેલ હોય જે અન્વયે ક્રાઈમ બ્રાન્ચ, જૂનાગઢના પીઆઈ જે.એચ. સિંધવ તથા પીએસઆઈ જે.જે.ગઢવી તથા પોલીસ સ્ટાફના માણસો સતત પ્રયત્નશીલ હોય, તે દરમ્યાન પીઆઈ જે.એચ. સિંધવ તથા પીએસઆઈ જે.જે. ગઢવી, પો.કો.ડાયાભાઈ કરમટા, કરશનભાઈ કરમટા, ભરતભાઈ સોનારા તથા જૂનાગઢ તાલુકા પો.સ્ટેશનના પો.કો. ગોવિંદભાઈ પરમારને સંયુકતમાં ખાનગી રાહે ચોકકસ બાતમી મળેલ કે જૂનાગઢના કાનો ઉર્ફે બાડો દેવરાજ કોડીયાતર, ભુપત પુંજા કોડીયાતર, કિરીટ ઉર્ફે કીડો ભગા છેલાણા, ચનારાણા મોરી, પાંચા પુંજા કોડીયાતર તથા કાના રાણા મોરી વગેરેએ પુર્વ આયોજીત કાવત્રુ કરી પોતાના અંગત આર્થિક નફા માટે ગેરકાયદેસર રીતે બહારના રાજયમાંથી પ્રતિબંધીત ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવેલ છે અને આ દારૂનુ જફર મેદાનની ખુલ્લી જગ્યામાં કટીંગ કરવાની પેરવીમાં હોય તેવી બાતમીના આધારે બાતમી વાળી જગ્યાએ તપાસ કરતા ઝફર મેદાનમાં ખુલ્લામાં એક ટ્રક તથા એક છોટા હાથી વાહન પડેલ હોય જેમાંથી અમુક ઈસમો ટ્રકમાંથી છોટા હાથીમાં કંઈક હેરફેર કરતા જોવામાં આવતા જે પોલીસનો જોઈ અંધારાનો લાભ લઈ નાસી ગયેલ હતા. જેથી બંને વાહનો પાસે પોલીસો પહોંચીને વાહનોના ઠાઠામાં તપાસ કરતા બાજરીના પ્લાસ્ટીકના બાચકાઓની આડશમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની પુંઠાની પેટીઓ પડેલ જોવામાં આવતા તમામ મુદામાલ કબ્જે કરી જૂનાગઢ સી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો દાખલ કરેલ છે. કબ્જે કરવામાં આવેલ મુદામાલમાં રોયલ ચેલેન્જ ફાઈન રિઝર્વ વ્હીસ્કીની ફોર સેલ ઈન પંજાબ ઓનલી ૭૫૦એમએલની પેટી નંગ-૧૧૩ અને બોટલ નંગ ૧૩૫૬ ની કિંમત આશરે રૂા.૭,૦૫,૧૨૦, મેકડોવેલ્સ નં.૧ કલેકશન વ્હીસ્કી ઓરીજનલ ૭૫૦ એમએલની પેટી નંગ - ૨૫૬ની બોટલ નંગ ૩૦૭૨ કિંમત રૂા.૧૨,૨૮,૮૦૦, મેકડોવેલ્સ નં.૧ કલેકશન વ્હીસ્કી ઓરીજનલની ૧૮૦ એમએલની પેટી નંગ-૪૮ ની બોટલ નંગ ૨૩૦૪ કિંમત રૂા.૨,૩૦,૪૦૦, ઓલ સિઝન ગોલ્ડ કલેકશન રિઝર્વ વ્હીસ્કી ૧૮૦એમએલની પેટી નંગ ૩૯ બોટલ નંગ ૧૮૭૨ કિંમત રૂા.૧,૮૭,૨૦૦ આમ કુલ પેટી નંગ ૪૫૬ તથા નાની મોટી મળી કુલ ૮૬૦૪ નંગ બોટલની કિંમત રૂા.૨૩,૫૧,૫૨૦, ટ્રક કિંમત રૂા.૧૦,૦૦,૦૦૦, છોટાહાથી વાહન કિંમત રૂા.૩,૦૦,૦૦૦ તથા બાજરાના કટા ભરેલ બાચકા નંગ ૨૧૫ કિંમત રૂા.૧,૦૭,૫૦૦ મળી કુલ રૂા.૩૭,૫૯,૦૨૦નો મુદામાલ જપ્ત કરેલ છે.

# ઉના બ્રહ્મસમાજની વાડીમાં તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો





જૂનાગઢતા.૨૮

તાજેતરમાં ઉના તાલુકા બ્રહ્મ સમાજ કર્મચારી મંડળ તથા ઉના સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા બ્રહ્મ સમાજની વાડીમાં તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ જ્ઞાતિજનોની વિશાળ હાજરીમાં યોજાયેલ હતો. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે દિપકભાઈ પંડ્યા તથા ચંદુભાઈ ઓઝા હાજર રહેલા હતા અને વિદ્યાર્થીઓને પ્રસંગોચિત ઉદ્બોધન આપી તેમનો ઉત્સાહ વધારેલ હતો. આ ઉપરાંત ઉના સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ વિજયભાઈ જોશી, અરવિંદભાઈ જાની તથા હરેશભાઈ જોશીના વરદ્હસ્તે ૧૦૬ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને શીલ્ડ તથા પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવેલ હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કર્મચારી મંડળના સભ્યશ્રીઓએ તેમજ કર્મચારી મંડળના પ્રમુખ પ્રવીણભાઈ ધાંધલા સારી એવી જહેમત ઉઠાવેલ હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન પિયુષભાઈ જોશી તથા સંજયભાઈ જોશીએ કરેલ હતું. કાર્યક્રમના અંતે આભાર વિધિ દિપકભાઈ જોશીએ કરેલ હતી.

# ભારતને ૮-૯% ગ્રોથ દ્વારા વિકસિત રાષ્ટ્ર બનતા ૨૦ વર્ષ લાગશે : RBI નાં પૂર્વ ગવર્નર સી રંગરાજન



નવીદિલ્હી,તા.૨૮

ભારતને ૮થી ૯ ટકાનો આર્થિક વિકાસ દર હાંસલ કરતા હજી ૨૦ વર્ષ લાગશે ભારતને પાંચ ટ્રિલિયનની ઈકોનોમી બનાવવી એ ટૂંકાગાળાનો યોગ્ય આશાસ્પદ ગોલ છે. આમ છતાં ભારત માથાદીઠ ૩૪૭૨ ડોલરની આવક સાથે મધ્યમ આવક ધરાવતો દેશ ઓળખાઈ રહ્યો છે તેમ આરબીઆઈનાં પૂર્વ ગવર્નર સી રંગરાજને જણાવ્યું હતું. ભારતે અપર મીડલ ઈન્કમ ધરાવતો દેશ બનવા હજી બે વર્ષ લાંબી મજલ કાપવી પડશે તેની માથાદીઠ આવક વધારીને ૧૩,૨૦૫ ડૉલર કરવી પડશે. ભારતને આ સ્તરે પહોંચવા અને ૮થી ૯ ટકાનો આર્થિક વિકાસ દર હાંસલ કરતા હજી ૨૦ વર્ષ લાગશે આઈસીએફએઆઈ ફાઉન્ડેશન ફોર હાયર એજયુકેશનનાં ૧૨માં પદવીદાન સમારોહને સંબોધતા તેમણે કહ્યું કે, કુલ ઉત્પાદનનાં સંદર્ભમાં ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી ઈકોનોમી છે. તે એક સારી સિધ્ધિ છે. જો કે માથાદીઠ આવકની રેન્કમાં મુજબ ૧૯૭ દેશમાં તેનો ૧૪૨મો નંબર છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા વર્ષોમાં ભારતનું અર્થતંત્ર મજબૂત બન્યું છે. નીતિનાં ઘડનારાઓએ તત્કાળ ભારતનો ગ્રોથ રેટ વધારવા પર ભાર મુકવાની જરૂર છે. પાંચ ટ્રિલિયન ઈકોનોમી એ ટૂંકાગાળાનો યોગ્ય આશાસ્પદ ગોલ છે. માથાદીઠ આવક વધારવા આપણે હજી લાંબી મજલ કાપવી પડશે. કોવિડ પછી અને યુક્રેન રશિયા યુધ્ધ પછી ભારતનાં ભાવિ વિકાસ માટે સ્પષ્ટ રોડમેપ ઘડવો પડશે. શરૂઆતમાં ૭ ટકાનો ગ્રોથ રેટ સતત હાંસલ કરવો પડશે. તે પછી ધીમેધીમે ૮ અને ૯ ટકાનો ગ્રોથ હાંસલ કરવો પડશે.

# કેરળમાં બર્ડ ફલૂ : કોટ્ટયમમાં ફેલાયો બર્ડ ફલૂ, ૬૦૦૦ પક્ષીઓ માર્યા ગયા

કોટ્ટયમ તા.૨૮

દેશમાં કોરોનાને લઈને ચાલી રહેલી આશંકાઓ વચ્ચે કેરળમાંથી બર્ડ ફલૂ ફાટી નીકળ્યાના સમાચાર આવ્યા છે. રાજ્યના કોટ્ટયમ જિલ્લાની ત્રણ



અલગ-અલગ પંચાયતોમાં બર્ડ ફલૂનાપ્રકોપનીપુષ્ટિ થઈ છે. આ પછી ૬,૦૦૦ થી વધુ પક્ષીઓ માર્યાગયા. તેમાંના મોટા ભાગના બતકછે. કોટ્ટયમ વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, જિલ્લાના વેચુર, નિનાદુર અને અરપુકારા ગામો અને પંચાયતોમાં શનિવારે કુલ ૬,૦૧૭ પક્ષીઓ, જેમાં મોટાભાગે બતક હતા, માર્યા ગયા હતા. કોટ્ટયમ જિલ્લા વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, વેચુરમાં લગભગ ૧૩૩ બતક અને ૧૫૬ મરઘીઓ, નિનાદુરમાં ૨,૭૫૩ બતક અને અરપુકારામાં ૨,૯૭૫ બતક માર્યા ગયા હતા. બર્ડ ફલૂ, અથવા એવિયન ઈન્ફ્લ્યુએન્ઝા, એક અત્યંત ચેપી ઝૂનોટિક રોગ છે. બીજી તરફ લક્ષદ્વીપમાં બર્ડ ફલૂના પ્રકોપને જોતા પ્રશાસને ત્યાંથી ફ્રોઝન ચિકનના પરિવહન પર પ્રતિબંધ લગાવી દીધો છે.

### નવાબંદર મરીન પોલીસે

# બળાત્કાર અને પોકસોના આરોપીને પકડી સાત દિવસમાં જ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યુ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૮

ઊના નવાબંદર મરીન પોલીસ સ્ટેશન હેઠળ આવેલ ચીખલી ગામે ૨૦/૧૨/૨૨ના રાત્રિના સમયે એક સગીરાને ચોકલેટ લઈ દેવાની લાલચ આપી હૂમલો કરી દુષ્કર્મ કર્યાની ફરીયાદ આરોપી કાળુભાઈ એભાભાઈ ભાલીયા રે.ચીખલી સામે દાખલ કરી હતી અને પીએસઆઈ એ.બી. વોરા અને એએસઆઈ પરમાર અને સ્ટાફે ગણતરીના કલાકોમાં આરોપીને પકડી માત્ર સાત દિવસમાં સાંયોગિક પૂરાવા અને મેડીકલ પૂરાવાની માહીતી એકઠી કરી કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી કામગીરી કરી હતી.

### કોયલી રિફાઈનરીમાં ક્ષમતા વિસ્તરણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો

# ઈન્ડિયન ઓઈલની ગુજરાતમાં વિસ્તરણની વ્યાપક યોજના

## કંડલા એલપીજી ઈમ્પોર્ટ ટર્મિનલમાં રૂ. ૭૩૦ કરોડનાં ખર્ચે વિતરણ કાર્ય ચાલી રહ્યું છ, જે જૂન ૨૦૨૩ સુધીમાં કાર્યરત થઈ જશે

અમદાવાદ, તા.૨૮

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિ. દ્વારા ગુજરાતમાં તેની વિસ્તરણ યોજના અને આંતરમાળખાકીય સુવિધાઓને સુદૃઢ કરવા વધુ રોકાણ કરવામાં આવશે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિ.ની ગુજરાત રાજય ઓફિસનાં એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર અને સ્ટેટ હેડ એમ અન્નાદુરાઈએ આજે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિ.ની ગુજરાત તેમજ દમણ અને દીવનાં કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પ્રવર્તમાન આંતરમાળખાકીય સુવિધાઓ અને વિવિધ પ્રોડક્ટોનાં વેચાણો અંગે જાણકારી આપી હતી. એમ અન્નાદુરાઈએ જણાવ્યું હતું કે વડોદરા સ્થિત કોયલી રિફાઈનરીમાં ક્ષમતા વિસ્તરણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. આઈઓસીએલનાં ગુજરાતમાં ટર્મિનલ્સ – બલ્ક ડેપોઝની સંખ્યા ૯ છે અને કંપની રિટેલ, એલપીજી અને આઈબી માટે ૩ ડિવિઝનલ ઓફિસો ધરાવે છે. આઈઓસીનાં ગુજરાતમાં એવિયેશન ફ્યુઅલ સ્ટેશન્સની સંખ્યા ૮ અને એલપીજી બોટલીંગપ્લાન્ટસની સંખ્યા ૬ની છે. કંપની કંડલા ખાતે એલપીજી ઈમ્પોર્ટ ટર્મિનલ અને સિલ્વાસા ખાતે લ્યુબ પ્લાન્ટ ધરાવે છે. ગુજરાતમાં આઈઓસીએલનાં રિટેલ આઉટલેટ્સની સંખ્યા ૧૮૦૯, સીએનજી સ્ટેશન્સની સંખ્યા ૨૭૬ અને સીબીજી સ્ટેશન્સની સંખ્યા ૪ની છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે માળિયા, મહુવેજ અને રાધનપુરમાં એલએનજી સ્ટેશન્સ માર્ચ ૨૦૨૩ સુધીમાં કાર્યાન્વિત થઈ જશે. કોયલી ખાતે માર્ચ ૨૦૨૩ સુધીમાં હાયડ્રોજન સ્ટેશન કાર્યરત થવાની ધારણા છે. કંપનીની એલપીજી ડિસ્ટ્રીબ્યુટર શીપ્સની સંખ્યા ગુજરાતમાં ૫૫૩ની અને એસકેઓ એજન્સીઝની સંખ્યા ૨૬૯ની છે. સર્વો લ્યુબ સીએફએની સંખ્યા ૧, સર્વો સ્ટોકિસ્ટની સંખ્યા ૩૦ અને સોલારાઈઝેશનનાં કુલ ૭૧૩ આરઓ ગુજરાતમાં આવેલા છે.

ગુજરાતમાં આઈઓસીએલ ૨૧૦ ઈવી ચાર્જીંગ સ્ટેશન્સ ધરાવે છે અને અને માર્ચ ૨૩ સુધીમાં આંકડો ૩૦૧ને પહોંચે તેવી ધારણા છે. આઈઓસીએલ ગુજરાત એક્સપી૯૫નાં ૪૬૯ આરઓ, એક્સપી૧૦૦નાં ૧૦ આરઓ અને એક્સજીનાં ૩૨૨ આરઓ ધરાવે છે. કંપની ગુજરાત પાંચ સ્થળોએ ગ્રીન કો સર્ટિફીકેશન ધરાવે છે અને માર્ચ ૨૩ સુધીમાં બીજા ૬ સ્થળો ઉમેરાય તેવી ધારણા છે. ગુજરાતમાં આઈઓસીએલ ૧૦૦ ટકા આરઓ ઓટોમેશન ધરાવે છે અને આરઓ નેટવર્કનાં વિસ્તરણની યોજના ધરાવે છે. કંપનીએ ટ્રાન્સપોર્ટ અને માઈનીંગ સેકટરમાં ફ્યુઅલ એફિસીયન્સી માટે ગ્રીન કોમ્બો લુબ્રિકન્ટસની રજૂઆત કરી છે. ઉપરાંત કાર્બન પ્રદૂષણને ઘટાડવા સર્વો રફતાર, સર્વો ગ્રીન માઈલ અને સર્વો ૪ટી ગ્રીન જેવા પર્યાવરણ મિત્ર લુબ્રિકન્ટસ પણ રજૂ કરવામાં આવ્યા છે. ગુજરાતમાં ભવિષ્યની વિસ્તરણની યોજનાઓ અંગે એમ અન્નાદુરાઈએ જણાવ્યું હતું કે કંડલા એલપીજી ઈમ્પોર્ટ ટર્મિનલમાં રૂ. ૭૩૦ કરોડનાં ખર્ચે વિતરણ કાર્ય ચાલી રહ્યું છે. જે જૂન ૨૦૨૩ સુધીમાં કાર્યરત થઈ જશે. સાણંદ બોટલિંગ પ્લાન્ટમાં મે ૨૦૨૩ સુધીમાં વિશ્વની સૌથી મોટી કંડલા ગોરખપુર એલપીજી પાઈપલાઈન માટે ટેપ ઓફ પાઈપલાઈન સુવિધાઓ પુરી પાડવાનું કાર્ય ચાલી રહ્યું છે. આ સ્થળે ૭૫૦ કેવીનાં સોલાર પ્લાન્ટનું પણ આયોજન છે.


# સાપના દાંતનો આકાર છે પલટવાનું કારણ : રિપોર્ટ

નવી દિલ્હી, તા.૨૮

લોકોને સાપથી એટલો ડર લાગે છે કે ટીવી પર કે બંધ પાંજરામાં જોવા મળે તો પણ લોકો ડરી જાય છે. વિચારો કે જો એ જ સાપ માણસની બરાબર સામે આવી જાય તો શું થશે. આ જ કારણ છે કે લોકો સાપથી ડરે છે કારણ કે તે પોતાના દાંતની મદદથી કોઈને પણ કરડી શકે છે. ઝેરી સાપ માણસને પળવારમાં મારી શકે છે. પરંતુ શું તમે ક્યારેય નોંધ્યું છે કે સાપ કરડ્યા પછી વળે છે. શું તમે ક્યારેય વિચારવાનો પ્રયત્ન કર્યો છે કે તે આવું કેમ કરે છે? સામાન્ય લોકો વારંવાર સોશિયલ મીડિયા સાઈટ **Quora** પર પ્રશ્નો પૂછે છે અને ફક્ત સામાન્ય લોકો જ તેનો જવાબ આપે છે. લગભગ એક વર્ષ પહેલાં કોઈએ **Quora** પર એક પ્રશ્ન પૂછ્યો હતો - કોઈને કરડ્યા પછી સાપ કેમ ફરે છે? પ્રશ્ન ખૂબ જ રસપ્રદ છે પરંતુ ઘણા લોકો પાસે જવાબ નથી. જો કે ઘણા લોકોએ આ પ્રશ્નનો જવાબ આપ્યો હતો, પરંતુ **Quora** એ સોશિયલ મીડિયા સાઈટ હોવાથી, અમે તે દાવાની સત્યતા ચકાસી શકતા નથી. ડો. વિજય કુમારે લખ્યું- સાપનું ઝેર તેની ઝેર ગ્રંથિમાં હોય છે જે તેના માથામાં હોય છે. પગમાં ડંખ મારતી વખતે, તેનું ઝેર તે વ્યક્તિના શરીરમાં સંપૂર્ણ રીતે પહોંચતું નથી, તેથી તેને વળવું પડે છે. બીજી તરફ, રાધે શ્યામ નામના વ્યક્તિએ લખ્યું - ઝેરી સાપના મોંના ઉપરના તાળવામાં ઝેરનું પેકેટ (ગ્રંથિ) હોય છે. આ ગ્રંથિનું મુખ



ઉપરની તરફ છે, તેમાંથી ઝેરી દાંતની અંદરથી બે પાતળી નળીઓ બહાર આવે છે અને ઝેરી દાંતની ટોચની બહાર ઈન્જેક્શનની સોયની જેમ ખુલે છે. જ્યારે સાપ કોઈને કરડે છે, ત્યારે તે તેના ઝેરી દાંત તે પ્રાણીના શરીરમાં નાખી દે છે. પરંતુ ઝેર ગ્રંથિનું મુખ ઉપરની તરફ હોવાને કારણે તે વ્યક્તિના શરીરમાં ઝેર પ્રવેશી શકતું નથી. ઝેર રેડવા માટે, સાપ ફરે છે અને જીવના શરીરમાં ઝેર છોડી દે છે. મનન ક્રિષ્ના નામના એક વ્યક્તિએ કહ્યું- "સાપના દાંતની રચના એવી હોય છે કે તે આગળથી વળેલા રહે છે. આ જ કારણ છે કે જ્યારે સાપ કોઈને કરડે છે તો તેના દાંત તેમાં ફસાઈ જાય છે. હવે સાપને ન તો આપણા જેવા હાથ છે અને ન તો આપણા જેવા ગરદન, તેથી તેને તેના દાંત કાઢવા માટે અલગ પ્રકારની હિલચાલ કરવી પડે છે, જે આપણને ઉલટું થવા જેવું લાગે છે.



તું બહુ મીઠું મીઠું બોલે છે, ડાયાબીટીસ થઈ જશે !




શરીર વધવાની ચિંતા કરીશ તો 'બ્લડ પ્રેશર'ની દવા કરાવવી પડશે !

### સૌરાષ્ટ્રનાં પ્રથમ મુખ્યમંત્રી ઢેબરભાઈએ જેમનું નામકરણ કર્યુ હતું તેવા

# બિલખાનાં ‘ચાણકય’ અને ગરીબોનાં બેલી એટલે સ્વ.વાસુદેવ નાગ્રેચા

## બિલખા અને આસપાસનાં વિસ્તારમાં શુભેચ્છકો, મિત્રો જેને ‘દેવ’નાં હુલામણા નામથી ઓળખતા એવા વાસુદેવ નાગ્રેચાની સેવાની સુવાસ આજે પણ જીવંત છે




સ્વાતંત્રયસેનાની સ્વ. દુર્લભજીભાઈ નાગ્રેચાનાં તૈલચિત્રની બિલખા ગ્રામ પંચાયતનાં સભાખંડમાં અનાવરણવિધિ પ્રસંગે ઉપસ્થિત પ્રથમ સ્વ. શ્રી વાસુદેવભાઈ નાગ્રેચા, ગ્રામ પંચાયતનાં સભાપતિ જગુભાઈ વાંક, વેપારી અગ્રણી રસીકભાઈ આડતીયા, જીતેન્દ્રકુમાર બોરીયા (બનેવી) અને આગેવાનો ઉપસ્થિત રહયા હતાં જે તસ્વીરમાં દર્શાયછે.

બિલખાતા.૨૮

બિલખાનાં ચાણકય અને ગરીબોનાં બેલી વાસુદેવ નાગ્રેચાની કાયમી સ્મૃતિ જળવાય તે માટે બિલખા શહેરનાં બસ સ્ટેશન ચોકને ‘‘વાસુદેવ ચોક’’ નામ આપવા લોકોમાંથી માંગણી ઉઠવા પામી છે.

બિલખા ગામનાં વીર સ્વાતંત્ર્ય સેનાની માતા સ્વ. વિજયાલક્ષ્મીબેન નાગ્રેચા તથા પિતા સ્વ. દુર્લભજીભાઈ નાગ્રેચાનાં ચાર સંતાનો પૈકી મોટા પુત્ર વાસુદેવનું જીવન બચપણથી લઈ જીવન પર્યત સેવામાં જ પસાર થયું હતું. અત્યંત સરળ અને મૃદુસ્વભાવ કોઈનું કયારેય ખરાબ વિચારે નહી અને હરહંમેશ માટે લોકોની સેવા કરવા તત્પર એવા રઘુવંશી લોહાણા સમાજનાં પનોતા પુત્ર વાસુદેવ નાગ્રેચાને માતા વિજયાલક્ષ્મીબેન અને પિતા દુર્લભજીભાઈ નાગ્રેચા તરફથી સેવા, સાદગી, નિષ્ઠા, રાષ્ટ્રભકિત અને નીડરતાનાં ગુણો ગળથુથીમાં એટલે કે વારસામાં જ મળ્યા હતાં. આઝાદી પહેલા અને આઝાદી બાદ જેમનો આજપર્યત સુધીનો ઉજળો ઈતિહાસ રહયો છે એવા નાગ્રેચા પરીવારનાં મોટા પુત્રનું નામ વાસુદેવ કેમ પડયું એ પણ રસપ્રદ બાબત છે. પિતા દુર્લભજીભાઈ નાગ્રેચા અને માતા વિજયાલક્ષ્મીબેન નાગ્રેચા દાદીમાં કસ્તુરબાનાં આર્શિવાદ સાથે આઝાદીની ચળવળો અને અંગ્રેજો સામેની સ્વાતંત્ર્ય ચળવળોમાં ભાગ લઈ રહયા હતાં. આ દરમ્યાન બિલખામાંથી હદપાર થઈ અને રાજકોટમાં વસવાટ કર્યો હતો. એ દરમ્યાન સૌરાષ્ટ્રનાં પ્રથમ મુખ્યમંત્રી ઉછરંગરાય ઢેબર, દરબાર ગોપાલદાસ, ભકિતબા, ગૃહપ્રધાન રસીકભાઈ પરીખ, વાસાવડ દરબાર, માર્કન્ડભાઈ દેશાઈની સાથે દુર્લભજીભાઈ નાગ્રેચા અને વિજયાલક્ષ્મીબેન નાગ્રેચા અનેક ચળવળો તેમજ રચનાત્મક પ્રવૃત્તિમાં ભાગ લઈ રહયા હતાં. દેશની સ્વાતંત્ર્ય ચળવળ તેમજ જૂનાગઢ આરઝી હકુમત તેમજ પ્રજાકીય જીવનમાં યોગદાન આપનારા દુર્લભજીભાઈ નાગ્રેચાનો પરીવાર રાષ્ટ્રીય શાળા ખાતે રહેતા હતાં. ત્યારે તેમને ત્યાં પ્રથમ સંતાનનો જન્મ થયો આ દરમ્યાન નાગ્રેચા પરીવારને ત્યાં મુખ્યમંત્રી ઉછરંગરાય ઢેબરનો પારીવારીક સંબંધ હોય અને જયારે દુર્લભજીભાઈ નાગ્રેચાને ત્યાં પુત્રનો જન્મ થયો તે જાણી ઢેબરભાઈએ ખુશી વ્યકત કરી હતી અને ઉત્સાહીત થઈ બોલી ઉઠયા કે આનું નામ ‘‘વાસુદેવ’’ રાખો. આમ ઢેબરભાઈએ આપેલ નામ એવા વાસુદેવ સમયની સાથે મોટો થવા લાગ્યો. દેશ આઝાદ થયો એ અરસામાં આરઝી હકુમતની લોકક્રાંતિ થઈ અને ૯મી નવેમ્બર ૧૯૪૭નાં જૂનાગઢ મુકત થયું હતું. દરમ્યાન સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાન આપનારા દુર્લભજીભાઈ નાગ્રેચા અને તેમનો પરીવાર રાજકોટથી બિલખા આવી વસવાટ કરે છે. આઝાદી બાદ લોકશાહીનાં પર્વ એવી ચુંટણી આવી હતી એ વખતે પૂ. ઢેબરભાઈનાં આદેશને માન આપી દુર્લભજીભાઈ નાગ્રેચા સોરઠ પંથકમાં કેમ્પ નાખીને બેઠા હતાં. અને લોકોને નિર્ભય બનીને મતદાન કરાવ્યું હતું. ચુંટણી પર્વ શાંતિપૂર્વક સંપન્ન થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. દુર્લભજીભાઈ નાગ્રેચાનાં સંપૂર્ણ સહયોગ સાથે વડાલ ગામનાં બચુભાઈ કથરેચા (પરમાણંદભાઈ)નો ભવ્ય વિજય થયો હતો. આ દરમ્યાન દુર્લભજીભાઈ નાગ્રેચાની રાષ્ટ્રીય, સેવાકીય અને રચનાત્મક પ્રવૃત્તિથી પ્રેરાઈને બચુભાઈ કથરેચા દ્વારા દુર્લભજીભાઈ નાગ્રેચાનાં ધર્મપત્ની વિજયાલક્ષ્મીબેન નાગ્રેચાને બેન તરીકે ‘કાપડા’માં જુના જીન તરીકે ઓળખાતી જગ્યા આપવામાં આવી અને આ જગ્યા એટલે કે બિલખાનો પ્રખ્યાત નાગ્રેચા વાડી વિસ્તાર સત્તા અને સંપત્તિથી કાયમ દૂર રહી જેઓએ દેશ સેવા, રાષ્ટ્ર સેવા અને માનવ સેવાનો ધર્મ અદા કરેલ છે એવા આ પરીવારનું દેશી નળીયાવાળુ મકાન આજે પણ બિલખા ગામે ઉભું છે. દરમ્યાન માતા-પિતાનો સેવાનો વારસો મેળવનાર વાસુદેવએ સાવ નાની ઉંમરે પરીવારની જવાબદારી સંભાળી લીધી. પિતા અને માતા ચુસ્ત ગાંધીવાદી વિચારસરણી ધરાવતાં હોય રાષ્ટ્ર સેવા અને લોકસેવાનાં કાર્યોમાં સહયોગ આપ્યો. વિજયાલક્ષ્મીબેન તથા દુર્લભજીભાઈએ કચડાયેલા અને ગરીબ જરૂરીયાતમંદ લોકોની સેવા કરી તો વાસુદેવમાં પણ આ ગુણ ભારોભાર ખીલી ઉઠયા હતાં. બિલખામાં બસ સ્ટેશન ચોક ખાતે ઉમરાળા સેવા સહકારી મંડળી કાર્યરત હતી. અને આ મંડળીમાં વાસુદેવ નાગ્રેચાની નિમણુંક થઈ અને મંડળીનો વહીવટ સંભાળ્યો. સમય જતાં સહકારી મંડળીનાં મંત્રી પદે નિમાયા. સહકારી મંડળીનાં મંત્રી પદે રહીને ખેડૂતોને જરૂરી મદદ કરવી, મંડળીનાં સભાસદોને ધીરાણ આપવું સહીતની ખુબ જ સુંદર કામગીરી કરતાં તેમની સરાહના થવા લાગી. શુભેચ્છકો, મિત્રો તેમને ‘દેવ’નાં નામે ઓળખવા લાગ્યા હતાં. બિલખા ગ્રામ પંચાયતનાં સરપંચ અને ઉમરાળા સહકારી મંડળીનાં ચેરમેન દરબારશ્રી પુંજાવાળા સાહેબ તથા મુરબ્બીશ્રી કેશુભાઈ મોદી (સાંગાણી)નાં માર્ગદર્શન મેળવનાર વાસુદેવ નાગ્રેચાની સહકારી મંડળીમાં કાર્યકુશળતા ખીલી ઉઠી હતી. જરૂરીયાતમંદ લોકોને મદદ કરવા હરહંમેશા તૈયાર રહેતા એટલું જ નહીં ગરીબ વર્ગ અને કચડાયેલા વર્ગની સેવા કરવી તેમજ કોઈપણને પણ ઈમરજન્સી સારવારની જરૂર પડે તો વાસુદેવ નાગ્રેચા દ્વારા સ્વખર્ચે જરૂરીયાતમંદને ઉચ્ચ સારવાર અપાવવી તેમજ જોઈતી મદદ કરતા હતાં. વાસુદેવ નાગ્રેચાની સેવાની સુવાસ સર્વત્ર પ્રસરી ગઈ હતી. તેઓ દ્વારા સર્વોદય યુવક મંડળની પણ રચના કરવામાં આવી હતી (જે આજે પણ કાર્યરત છે) અને સેવાકીય પ્રવૃત્તિ સાથે ધાર્મિક કાર્યો પણ કરવામાં આવતા હતાં. રાવતેશ્વર ધર્માલયનાં મહંતશ્રી ગોપાલાનંદજી બાપુએ બિલખામાં ૧૦૮ શ્રીમદ ભાગવત સપ્તાહ યોજી તે વખતે સંતોની પધરામણી થતી હતી ત્યારે ચારેય પીઠનાં શંકરાચાર્યજી મહારાજની બિલખામાં પધરામણી થતાં નાગ્રેચાવાડી ખાતે દુર્લભજીભાઈ નાગ્રેચાનાં નિવાસ સ્થાનથી શાનદાર સ્વાગત કરી રાવતેશ્વર ધર્માલય સુધી ભવ્ય પ્રોસેશન કાઢવામાં આવ્યું હતું. અને વાસુદેવભાઈ નાગ્રેચાએ સંતોનાં આર્શિવાદ મેળવ્યા હતાં. સેવાકીય પ્રવૃત્તિ સાથે ધાર્મિક કાર્યો પણ અનેક કરવામાં આવ્યા હતાં. સાથે જ રાજકીય રીતે પણ નાગ્રેચા પરીવારનો ખુબ જ ઉંચો મરતબો હોય જૂનાગઢ જીલ્લા ઉપરાંત રાષ્ટ્રીય કક્ષાએ નાગ્રેચા પરીવારનો દબદબો રહયો છે. ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રીમતી ઈન્દીરાબેન ગાંધીનાં સમયમાં વાસુદેવભાઈ નાગ્રેચાએ કોંગ્રેસ પક્ષમાં સક્રીય કાર્યકર તરીકે સેવા આપી હતી. વાસુદેવભાઈ નાગ્રેચા અને તેમનાં અંગત સ્નેહી શુભચિંતક જગુભાઈ વાંક, અને નાગ્રેચાવાડી વિસ્તારનાં નવ યુવાનો સેવાદળમાં જોડાઈ અને ખુબ જ ઉમદા કામગીરી કરી હતી. વિધાનસભા ચુંટણી હોય કે લોકશાહીની ચુંટણી, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જીલ્લા પંચાયતની ચુંટણીમાં પણ નાગ્રેચા પરીવારનો કાયમ દબદબો રહયો છે. બિલખા શહેર અને મતક્ષેત્રનાં મતદારોનો ખુબ જ મોટો વર્ગ નાગ્રેચા પરીવારનાં મોભી દુર્લભજીભાઈ નાગ્રેચા અને વાસુદેવ નાગ્રેચાનાં માર્ગદર્શન હેઠળ લોકશાહીનાં પર્વ એવી ચુંટણીમાં આ પરીવાર જેને સાથ આપે તેની જીત નિશ્ચિત બની જતી ચુંટણીમાં ઉમેદવારોને સંપર્ણ ટેકો આપી ભવ્ય વિજય અપાવતા હતાં. વાસુદેવ નાગ્રેચાએ સમય જતાં બિલખાનાં રાજકારણમાં ઝંપલાવ્યું. પિતા દુર્લભજીભાઈ અને માતા વિજયાલક્ષ્મીબેનએ સત્યનાં માર્ગે ચાલી બિલખા ગ્રામ પંચાયતમાં વર્ષો સુધી નિઃસ્વાર્થ ભાવે સેવા આપી અને સત્તા સંપત્તિથી દૂર રહી અનેક લોકોને રોજગારી, ઘર વિહોણાને રહેઠાણનાં પ્લોટ ફાળવ્યા હતાં. આજ માર્ગ ઉપર ચાલી વાસુદેવ નાગ્રેચાએ લોકોની સેવા કરી અને સાથે જ બિલખા ગ્રામ પંચાયતની ચુંટણીમાં પોતાનાં સાથીદાર મિત્રો સાથે ચુંટણી જંગમાં કુદી પડયા. વાસુદેવ નાગ્રેચા જગુભાઈ વાંકની ટીમનો જયજયકાર થયો. બિલખા ગ્રામ પંચાયતમાં પૂર્ણ બહુમતી પ્રાપ્ત કરી હતી. આ તકે તેઓએ ધાર્યુ હોત તો ગ્રામ પંચાયતનું સુકાન પોતાનાં હાથમાં રાખી શકત પરંતુ વાસુદેવ નાગ્રેચા અને તેમનાં સાથીદારોને સેવા જ કરવી હતી. એટલે કોઈ જાતનાં ઉચ્ચપદ પોતાની પાસે રાખ્યા વિના સેવાનાં કાર્યો કરતા રહયા. તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા તેઓનું સન્માન, શિષ્યવૃતિ આપવામાં આવતી હતી. બિલખાનાં નાગ્રેચા વાડી વિસ્તાર કોંગ્રેસનો અજેય અને અભેદ ગઢ રહયો હતો. અને આજ પણ રહયો છે. બિલખા ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત, ધારાસભા, લોકસભાની ચુંટણીનાં વ્યુહ નાગ્રેચા વાડી ખાતે ઘડાઈ અને નાગ્રેચા પરીવાર જેને સાથ આપે તેના ભાલે વિજય તિલક લાગે તેવી પરંપરા બની ગઈ હતી.

**જગડુશા ડી. નાગ્રેચા**
**સબ એડીટર**
**મો. નં. ૯૮૨૫૫ ૯૮૦૭૦**

### વાસુદેવભાઈને હુંફ અને બળ આપનારા શુભેચ્છકો

વાસુદેવભાઈ નાગ્રેચાની સેવાકીય, રાજકીય, સામાજીક અને રચનાત્મક પ્રવૃત્તિને કારણે ખુબ જ લોકચાહના પ્રાપ્ત કરી હતી. આમ સમાજનાં તમામ સમાજનાં લોકોએ નાત જાતનાં ભેદભાવ વિના કાયમ સહયોગ આપ્યો છે. વાસુદેવભાઈ નાગ્રેચા પરીવાર સાથે આત્મીયતાથી જોડાયેલા સુખ દુઃખમાં સાથ અને સહયોગ આપનારા શ્રી જગુભાઈ વાંક, સ્વ. આલીંગભાઈ વાંક તેમજ અમરૂભાઈ કોટીલા, રાઠોડભાઈ બોધરા, રાઠોડભાઈ હુદદડ, જેઠુરભાઈ હુદદડ, દેવકુભાઈ હુદદડ, ભીખુભાઈ જોષી, હમીરભાઈ પરમાર, ગફારભાઈ ચૌહાણ, રામભાઈ છૈયા, ખુદાબક્ષભાઈ, યશવંતભાઈ વ્યાસ, સલાભાઈ માલવીયા, અભરામભાઈ માલવીયા, રમણીકભાઈ વાટલીયા, રામભાઈ ચુમકીયા, રવીદાસ ગોંડલીયા, ભકિતરામ બાપુ, કરશનભાઈ શીલુ, શીવાબાપા, ચનામામા, કાળુભાઈ સોઢા, ઉમરાળા સરપંચ ગભરૂભાઈ, કાંધાભાઈ બસીયા, જયસુખભાઈ સોઢા, ફર્ટીલાઈઝરનાં એરીયા મેનેજર શ્રી વનરાજસિંહ જાડેજા, મગનભાઈ ચૌહાણ, ભીખુભાઈ મૌયા, ભાણભાઈ, વલકુભાઈ, જીલુભાઈ વાળા, ડાયાભાઈ, રસીકભાઈ આડતીયા, વિઠ્ઠલભાઈ ઠકરાર, હરીભાઈ બોસમીયા, જગુભાઈ નલીયાપરા, બચુભાઈ, હસુભાઈ મોદી, નટુભાઈ મીરજા, મીરાજીભાઈ ઉપરાંત બિલખા અને સોરઠ પંથકનાં આસપાસનાં વિસ્તારોનાં કાઠી ક્ષત્રિય સમાજનાં આગેવાનો, વિવિધ સમાજનાં આગેવાનોએ કાયમ સાથ અને સહકાર આપેલ છે.

### સંતો, રાજવી પરીવાર અને સૌરાષ્ટ્રનાં આગેવાનો

શ્રી વાસુદેવભાઈ નાગ્રેચાની રચનાત્મક અને લોક સેવાની પ્રવૃત્તિમાં સંતશ્રી ગોપાલાનંદજી બાપુનાં આર્શિવાદ રહયા છે. આ ઉપરાંત બિલખાનાં રાજવી પરીવાર તરફથી પણ સહયોગ રહયો છે. બિલખાનાં યુવરાજ શ્રી લાલજી બાપુ, ઉપરાંત બિલખાનાં ભાગદાર દરબારશ્રીઓ સર્વશ્રી દરબાર શ્રી પૂંજાવાળા સાહેબ, દરબારશ્રી બાપાસાહેબ, દરબાર શ્રી ચાંપરાજવાળા સાહેબ, દરબાર શ્રી હરસુખવાળા સાહેબ, દરબાર શ્રી નાજાવાળા સાહેબ (તાલુકા પંચાયતનાં સભ્ય), આ ઉપરાંત વાઘણીયા દરબાર શ્રી સુરગવાળા સાહેબ, દરબાર શ્રી અનકવાળા સાહેબ અને આગેવાનોએ વાસુદેવ નાગ્રેચાને કાયમી હૂંફ અને સહયોગ આપ્યો છે.

### સૌરાષ્ટ્રનાં આગેવાનોનો ટેકો

વાસુદેવ નાગ્રેચાની સેવાકીય પ્રવૃત્તિ અને લોકહીતનાં કાર્યોમાં જૂનાગઢ જીલ્લાનાં વરીષ્ઠ આગેવાનો ઉપરાંત સૌરાષ્ટ્રનાં આગેવાનોએ પણ સહયોગ આપેલ છે. માળીયા, મેંદરડા, બિલખા મતક્ષેત્રનાં ધારાસભ્ય શ્રી હમીરજીભાઈ રાયજાદા, શ્રી વનરાજસિંહ રાયજાદા (તત્કાલીન જીલ્લા હોમગાર્ડ કમાન્ડર), અગ્રણી કેળવણીકાર શ્રી પેથલજીભાઈ ચાવડા, રામજીભાઈ કરકર, મોહનભાઈ પટેલ, નાનજીભાઈ વેકરીયા, હરીભાઈ ગોધાણી, ધીરૂભાઈ ગોહેલ, પ્રાણભાઈ વ્યાસ, જેઠાભાઈ પાનેરા, ભીખાભાઈ જોષી, ભરતભાઈ કાંબલીયા સહીતનાં વિવિધ ક્ષેત્રનાં આગેવાનો ઉપરાંત સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં સ્થાપક સ્વ. ગજેન્દ્રભાઈ ઉપાધ્યાય, વર્તમાન તંત્રી શ્રી કાર્તિકભાઈ ઉપાધ્યાય, મુકેશભાઈ વ્યાસ, સુરેશભાઈ કારીયા ઉપરાંત અકીલાનાં મોભી કિરીટભાઈ ગણાત્રા, અજીતભાઈ ગણાત્રા, એ.જી. છુકારીયા, હરીશભાઈ નાવાણી (કેસરી), પી.જી. ઠકકર (લોકદૂત), નારીભાઈ નંદવાણી (સમાજવાદ), ધીરૂભાઈ પુરોહીત તેમજ જયહિન્દ ગૃપનાં પ્રદિપભાઈ શાહ, યશવંતભાઈ શાહ, ભરતભાઈ શાહ, હસુભાઈ રાવલ, ફારૂકભાઈએ સંપૂર્ણ સહયોગ આપી તેમનાં કાર્યોને આગળ ધપાવવામાં મદદ કરી છે.

### રાજકોટનાં આહિર સમાજનાં અગ્રણી કાનગડ પરીવારનો કાયમી સહયોગ

શ્રી વાસુદેવભાઈ નાગ્રેચાને રાજકોટનાં આહિર સમાજનાં અગ્રણી કાનગડ પરીવાર સાથે કાયમી પારાવારીક સંબંધો રહયા છે. શ્રી વાસુદેવભાઈનાં પિતા શ્રી સ્વ. દુર્લભજીભાઈ નાગ્રેચાને રાજકીય, સેવાકીય અને રચનાત્મક કાર્યોને લઈ અવાર નવાર રાજકોટ જવાનું થતું અને રાજકોટનાં વસવાટ દરમ્યાન કાનગડ પરીવાર સાથે પરીચય અને બાદમાં પારાવારીક સંબંધો રહયા છે. તાજેતરમાં જ રાજકોટ વિધાનસભાની ચુંટણીમાં રાજકોટ મતક્ષેત્રમાંથી ચુંટાયેલા ધારાસભ્ય ઉદયભાઈ કાનગડનાં પિતાશ્રી પ્રભાતભાઈ અને વાસુદેવભાઈ નાગ્રેચા ખાસ મિત્રો રહયા છે. સાથે જ કાનગડ પરીવારનાં મુરબ્બી શ્રી કાનાભાઈ, નિર્મળભાઈ, મુળુભાઈ, કરણાભાઈ, નાનુભાઈ, તથા માંડણભાઈ, મનુભાઈ તેમજ કાળુભાઈ, ભરતભાઈ, ગોવિંદભાઈ તેમજ કાનગડ પરીવાર સાથે પારાવારીક સંબંધો રહયા છે. હાલનાં ધારાસભ્ય ઉદયભાઈ કાનગડનાં સમગ્ર પરીવાર સાથે નિકટનો નાતો ધરાવતાં વાસુદેવભાઈ નાગ્રેચાને જયારે પણ જરૂર પડી છે ત્યારે પ્રભાતભાઈ અને કાનગડ પરીવારે કાયમી મદદ કરી છે જેનું નાગ્રેચા પરીવાર ઋણી છે. દરમ્યાન બિલખા સહીત સૌરાષ્ટ્રનાં વિવિધ ક્ષેત્રનાં અગ્રણી આગેવાનો અને મિત્રોનાં સાથવારે અને પરીવારજનો તેમજ જીતેન્દ્રકુમાર બોરીયા (બનેવી) તેમજ પ્રમોદભાઈ રાજા (સાળા) વગેરેનાં સહયોગથી વાસુદેવભાઈ નાગ્રેચાએ અનેક સેવાકીય કાર્યો કર્યા હોય તેમનાં કાર્યોને આજે પણ લોકો યાદ કરે છે. ગત તા. ૪-૩-૨૦૦૯નાં રોજ તેમણે વિદાઈ લીધી હતી અને સ્વર્ગવાસ થયો હતો. સ્વ. વાસુદેવ નાગ્રેચાની સાથે કાયમ રીતે જોડાયેલા મિત્રોએ આ પરીવારને કાયમ હુંફ અને સહકાર આપેલ છે. કાઠી સમાજનાં અગ્રણી અને વાસુદેવભાઈ નાગ્રેચાનાં ખાસ મિત્ર અને પરીવારનાં આપ્તજન એવા જગુભાઈ વાંક દ્વારા મિત્ર ઋણ અદા કરવા ગ્રામ પંચાયતની ચુંટણી માટે સરપંચ તરીકે વાસુદેવભાઈ નાગ્રેચાનાં પુત્ર મહેન્દ્ર નાગ્રેચાને કોંગ્રેસનાં ઉમેદવાર તરીકે જાહેર કરી અને ચુંટણી જંગમાં ભવ્ય વિજય અપાવ્યો હતો. મહેન્દ્ર નાગ્રેચાએ સતત બે ટર્મ સરપંચ પદે રહી અને બિલખાની જનતા માટે પ્રાથમિક સુવિધાનાં પ્રશ્નો ખુબ જ મહત્વની કામગીરી કરી અને ખુબ જ ચાહના મેળવી છે. વાસુદેવભાઈ નાગ્રેચાનાં ધર્મપત્ની પુષ્પાબેન નાગ્રેચા પણ તાલુકા પંચાયતનાં સભ્ય તરીકે ચુંટાઈ અને સેવાકીય કાર્યો કરેલ છે. નાગ્રેચા પરીવાર ૭૦ વર્ષનો ઉજળો ઈતિહાસ ધરાવે છે. લોકોની સેવા કરવી એ જ જેમનો ધર્મ છે એવા આ પરીવારનાં સભ્ય શ્રી વાસુદેવ નાગ્રેચાની સ્મૃતિ જળવાઈ રહે તે માટે બસ સ્ટેશન ચોકને વાસુદેવ નાગ્રેચા ચોક એવું નામ આપવા માંગણી છે.

---

## ખંભાળિયાના વાડીનાર નજીક વિદ્યાર્થીઓ સાથેની સ્કૂલ બસનો અકસ્માત : સદભાગ્ય મોટી જાનહાની ટળી




(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

ખંભાળિયા નજીક આવેલા નરારા ટાપુ ખાતે વિદ્યાર્થીઓ સાથે સ્કૂલ પિકનિકમાં આવેલી એક બસ ગઈકાલે મંગળવારે અકસ્માતગ્રસ્ત બની હતી. આ અકસ્માતમાં બસમાં સવાર વિદ્યાર્થીઓને નાની-મોટી ઈજાઓ થવા પામી હતી. જોકે કોઈ ગંભીર ઈજા તેમજ નુકસાનીના અહેવાલો સાંપળ્યા નથી. આ સમગ્ર પ્રકરણની જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયા તાલુકાના વાડીનાર સ્થિત દરિયાકિનારે આવેલા નરારા ટાપુ ખાતે મંગળવારે સવારે આશરે ૩૫ જેટલા વિદ્યાર્થીઓ - વિદ્યાર્થીનીઓ ભરેલી કાલાવડની એક શૈક્ષણિક સંસ્થાની એક બસ આવી હતી. આ બસ કોઈ કારણોસર રોડની નીચે ઉતરી ગઈ અને એક સાઈડ પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માત બનતા તાકીદે ફાયર બ્રિગેડ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને જરૂરી કામગીરી કરી હતી. આ અકસ્માતમાં કેટલાક વિદ્યાર્થીઓ તેમજ બસના ચાલકને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. જેથી તેઓને સારવાર અર્થે જામનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જો કે કોઈ મોટી જાનહાની કે મોટી નુકસાની ન થતા સૌ કોઈએ રાહતનો દમ ખેંચ્યો હતો. અકસ્માતનો આ બનાવ બનતા થોડો સમય વિદ્યાર્થીઓની ચિચિયારીઓ સાથે ભયનો માહોલ પ્રસરી ગયો હતો.

---

## પ્રભાસપાટણ ઘાંચી મુસ્લીમ સમાજના પ્રમુખ તરીકે પટેલ હાજી યુસુફભાઈની વરણી



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૮

પ્રભાસ પાટણ ખાતે મુસ્લીમ ઘાંચી સમાજના પ્રમુખ તરીકે પટેલ હાજી યુસુફ વિજેતા બનેલ છે. પ્રભાસ પાટણ મુસ્લિમ ઘાંચી સમાજના હાજી યુસુફભાઈ પટેલ પ્રમુખ પદની ચુંટણીમાં ૮૨૦ વોટની લીડ સાથે જીત મેળવેલ છે. લોકસેવા માટે સતત સક્રિય રહી હોસ્પિટલથી લઈ સામાજિક, શૈક્ષણીક અને પારિવારીક સેવાઓ માટે જીવન ન્યોછાવર કરનાર હાજી યુસુફ પટેલ વિજેતા બનેલ છે અને ચૂંટણી દરમ્યાન આપેલ વચનો આવનાર ત્રણ વર્ષ કામ કરી પુરા કરવા અને સમાજના યુવાઓને સાચી રાહ બતાવી, શિક્ષિત અને સક્ષમ યુવાઓનું મજબૂત સંગઠન બનાવેલ છે જેમાં યુવા ગ્રુપ સતત સમાજના વિકાસ માટે પ્રયત્નશીલ રહેશે.

---

### :: અવસાન નોંધ ::

જૂનાગઢ : સોલંકી મનહરભાઈ કુરજીભાઈ (ઉ.વ. ૭૦) તે ધર્મેશભાઈ, મેહુલભાઈનાં પિતાનું અવસાન તા. ૨૬-૧૨-૨૨નાં રોજ થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૯-૧૨-૨૨નાં રોજ તેમનાં નિવાસ સ્થાન ભાગ્યોદય એપાર્ટમેન્ટ, સરદારપરા શેરી નં. ૩, જૂનાગઢ ખાતે સાંજે ૪ થી ૬ રાખેલ છે.

---

## રાજ્યના માછીમારોના પડતર પ્રશ્નોના ઝડપભેર ઉકેલ લાવવા માટે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનાં પ્રતિનિધિ મંડળે નવા મંત્રી મંડળની મુલાકાત લઈ રજુઆત કરી

### મુખ્યમંત્રીએ આગામી દિવસોમાં માછીમારોના પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે તબક્કાવાર સંલગ્ન વિભાગો સાથે માછીમારોના પ્રતિનિધિ મંડળની બેઠકો યોજવાની ખાત્રી આપી



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૮

ગુજરાત રાજયમાં માછીમારોને સાગરખેડુઓને બંધારણીય અધિકાર આપવા, મત્સ્યપાલન માટે જમીન અધિકાર આપવા, વેરા મુક્ત ઈંધણ આપવા જેવા માછીમારોના પડતર પ્રશ્નોથી નવનિયુક્ત મંત્રી મંડળને વાકેફ કરાવવા માટે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના માછીમાર સમાજના આગેવાનોનું પ્રતિનીધી મંડળ ભરૂચના ધારાસભ્યની આગેવાની હેઠળ મુખ્યમંત્રી સહીતનાને ગાંધીનગર ખાતે રૂબરૂ મળેલ હતુ. ત્યારે આગામી દિવસોમાં તબક્કાવાર બેઠકો યોજીને માછીમારોના પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે નક્કી કરવામાં આવ્યુ હતું. તાજેતરમાં રાજ્યની કમાન નવા મંત્રી મંડળએ સંભાળ્યા બાદ ઝડપભેર લોકઉપયોગી કામો કરવા કમ્મર કસી છે. ત્યારે રાજ્યના લાંબા દરીયા કિનારે વસતા માછીમારી કરી ગુજરાન ચલાવતા માછીમારોને અનેક પ્રશ્નોની કનડગત હોય જે હલ કરવા માટે સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતના માછીમાર સમાજના આગેવાનોનું પ્રતિનીધી મંડળ ભરૂચના ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રીની આગેવાની હેઠળ મુખ્યમંત્રી, મત્સ્યોદ્યોગ મંત્રી અને નાણાં મંત્રીને રૂબરૂ મળીને માછીમારોના કનડગત સમાન પડતર પ્રશ્નો અંગે વિસ્તાર પૂર્વક રજુઆત કરવાની સાથે ઝડપભેર ઉકેલ લાવવા માટે માંગણી કરી હતી. આ અંગે અખીલ ભારતીય ફીશરમેન્સ એસો. ગુજરાત પ્રાંતનાં પ્રમુખ તુલસીભાઈ ગોહેલે જણાવેલ કે, મંત્રીઓની રૂબરૂ મુલાકાતમાં પ્રશ્નોમાં વનબંધુ તથા ખેડુતની જેમ પરંપરાગત સાગરખેડુઓને બંધારણીય અધિકાર આપવા બંધારણમાં સુધારો કરવામાં આવે, સમુદ્ર કિનારાથી જમીન ઉપર મત્સ્ય પાલન માટે જમીન અધિકાર આપવા, વેટ અને એક્સાઈઝ મુક્ત પેટ્રોલ, ડીઝલ, કેરોસીન આપવાની વ્યવસ્થા અમલી બનાવી, કામધેનુ યુનિવર્સિટી તથા મહાવિદ્યાલયોમાં શૈક્ષણિક તથા તાલીમી અભ્યાસ માટે જોગવાઈ કરવા, મત્સ્યોદ્યોગને એગ્રીકલ્ચર સ્ટેટસ આપવું જોઈએ જેવા અનેક પડતર પ્રશ્નોથી વાકેફ કરવામાં આવ્યા હતા. આ પ્રતિનિધિ મંડળમાં ભારતીય ફીશરમેન્સ એસો. વેલજીભાઈ મસાણી, ઉપપ્રમુખ ટી.પી.ટંડેલ, પશ્ચિમ ભારત માછી સમાજ મહાસંઘના પ્રમુખ વિશાલભાઈ ટંડેલ, ભીડીયા ખારવા બોટ એશો. ના પ્રમુખ રમેશભાઈ ડાલકી, બોટ એશો. માંગરોળ ખારવા સમાજના પ્રમુખ ખીમજીભાઈ પરમાર સહિત નાના મોટા બંદરોના માછીમાર સમાજ અને સંસ્થાઓના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

